"બ્રાહ્મણોની અંતર્શુદ્ધિનું મુખ્ય સાધન"

श्री गायत्री तात्पर्य दिपिका:

વેદ, ઉપનિષદ, શ્રુતિ, સ્મૃતિના

પ્રમાણો સાથે

રચી પ્રસિદ્ધ કરનાર

महंत श्री प्रेमदासजी महाराज

ચાર સંપ્રદાયનું મંદિર દીલ્હી દરવાજા–સુરત.

કીંમત ૦–૪–૦

સંવત ૧૯૬૮ પ્રત. ૧૦૦૦ ફાલ્ગુન શુક્લ ત્રયોદશી.

सत्यान्नास्ति परोधर्मः ।

श्री गायत्री तात्पर्य दिपिका.

વેદ, ઉપનિષદ, શ્રુતિ, સ્મૃતિ વગેરેના
પ્રમાણો સાથે

રચી પ્રસિદ્ધ કરનાર
महंत श्री प्रेमदासजी महाराज
ચાર સંપ્રદાયનું મંદિર દીલ્લી દરવાજા સુરત.

ओंकारपूर्विकां तिस्रो महाव्याहृतयोऽव्ययः
त्रिपदा चैव सावित्रि विज्ञेयं ब्रह्मणो मुखम् ॥

ॐकारथी गायत्री, गायत्रीथी वेद वेदथी मनमहावाक्यो.

प्रज्ञानमानंदम. [अथर्ववेद] अयमात्मा ब्रह्म [ऋगुवेद]
तत्वमसि [सामवेद] अहंब्रह्मास्मि [यजुर्वेद]

સંવત ૧૯૫૮
કીંમત ૦-૪-૦

આ સુરત જૈન પ્રિન્ટીંગ પ્રેસમાં મટુભાઈ ભ[illegible]દાસે છાપ્યું
ખપાટીઆ ચકલા—સુરત.

પ્રસ્તાવના.

સાંપ્રંત કાળમાં આપણા પ્રાચીન ધર્મની જે કાંઇ ક્રિયાઓ ચાલુ રહેલી છે અને તે ઉપરથી વર્ણાશ્રમની પૂર્વ વ્યવસ્થા ઉપર વિદેશીય વિદ્વાનો સુદ્ધાં ઊંડું ધ્યાન આપી સૂક્ષ્મ દૃષ્ટિથી ભારતવાસી આર્ય જાતિની સનાતન ધર્મ વ્યવસ્થાના વખાણ કર્યા સિવાય રહી શકતા નથી. ત્યારે આપણે પોતે આપણા મહાન્ કલ્પવૃક્ષ ધર્મની અવગણના કરીને અન્યના આચાર વિચારથી લોભાઇ આપણી અવનતિનું કારણ એનેજ માની આપણા આચાર, વિચાર, ભાવના અને જીવનની હરેકોઇ શાખા પ્રશાખામાં સાંકરદોષ ઉમેરતા જઇએ છીએ. આપણા પ્રમાદ કે નબળાઇથીજ આપણા ધર્મની આપણે અવગણના કરીએ છીએ. જ્વરવાળા મનુષ્યને પાણી કે ખોરાક બેસ્વાદ લાગે છે. તે વિકાર ખોરાકમાં નથી પરંતુ ખાનારમાં છે. મદીરાપાન કરનાર પ્રમાદી થાય છે. તે પ્રમાદ પીનારમાં નથી પણ પ્રમાદને ઉત્તેજક કે ઉત્પન્ન કરનાર તત્વો મદીરામાં છે. આપણા જીવનને બંધ બેસતો, આપણી ભૂમિને સર્વ રીતે અનુકૂલ ધર્મ આજે આપણને વિકારી લાગે છે, અને પરાઇ મદીરાથી મસ્ત બની મનસ્વિ થઇએ તેથી નુકશાન શોષવાનો પ્રસંગ આપણેજ ભોગવવો પડે છે.

આવી સ્થિતિ શરૂ થઇ ગઇ છે. છતાં આપણા સંસાર વ્યવહારમાં વર્ણાશ્રમ ધર્મ કર્મની પદ્ધતિનું શિથિલ, શુષ્ક, નિસ્તેજ, અને કૃશ થયેલું સ્વરૂપ દેખાય છે ખરું, એવે સ્વરૂપે પણ એ

આપણી વર્ણવ્યવસ્થા, અને જાતિયતા સંદેસા કહે છે. દાખલા તરીકે છોકરાને ઉપનયન સંસ્કાર કરીએ છીએ ત્યારે તેને બ્રહ્મચારીનો વેશ થોડોક વખત લેવરાવીએ છીએ. મૃગચર્મનો કકડો પણ ખભે લટકાવીએ છીએ. ખાખરનો દંડ હાથમાં આપીએ છીએ લંગોટી વગાવીએ છીએ. બીજા બેચાર તેવાજ છોકરાઓ સાથે ભોજન લેવરાવીએ છીએ. ભીક્ષા મંગાવીએ છીએ. પુરોહિત પાસે પિતાની સંનિધિમાં ઉપદેશ દેવરાવીએ છીએ. આ પ્રમાણે થાય છે ખરૂં પરંતુ તેનો અર્થ શો છે? માત્ર ભારત સનાતન ધર્મના નિશાન રૂપે ભજવાતો ફારસ છે!! તેજ પ્રમાણે નિત્ય કર્મમાં સંધ્યાદિકર્મો થાય છે, તેના પૂર્વાપર જ્ઞાનની શોધ ભાગે કે તેના રહસ્યનો ક્યાં જરૂર વિચારીએ છીએ. અમુક ક્રિયાઓ કરવી તે કરવી. એટલું પકડી રાખીને કરવામાં આવે છે. સંધ્યા દરરોજ કરવી. તેમાં આવશ્યક પ્રાણાયામ તો કરવોજ, ગાયત્રી મંત્રનો જપ તો પરમાવશ્યક લેખવામાં આવે છે. છતાં તેના અર્થ રહસ્ય કે તેની ઉપાસનામાં સમાયેલા અદ્ભુત કળાની પ્રાપ્તિને અર્થે કોઈ પ્રયત્ન પણ કરતું નથી, વળી એવું જ્ઞાન પુરૂં પાડે તેવા ગુજરાતી ભાષામાં સરળ અને ટૂંકાં પુસ્તકો પુરાં પાડવામાં યોગ્ય વિદ્વાનોનું લક્ષ્ય પણ ખેંચાયેલું જણાતું નથી, સંસ્કૃત ભાષાની પ્રવૃત્તિ મંદ થઇ, તો ગુજરાતી વ્યાખ્યાન કે ટીપણ આપીને પણ એ પ્રાચીન સત્ય સનાતન ધર્મના ધર્મ કર્મનો મહિમા અને રહસ્ય સર્વ સાધારણને માટે પ્રસિદ્ધ કરવો એ યોગ્ય કર્તવ્ય વિદ્વાનોની સામે પડેલું જણાય છે.

ગાયત્રી મહામંત્ર સંધ્યાનો કેંદ્રાપગામી મંત્ર છે, કેમકે પ્રાણાયામમાં, ધ્યાનમાં અને એવીજ સ્વરૂપ સિદ્ધિની ક્રિયામાં એનોજ

ઉપયોગ છે. એ મહામંત્રમાં મહત્વનું રહસ્ય છે. તે આપણે જોવુંજ જોઇએ. દરરોજ એ મંત્રની અમુક સંખ્યા દરેક બ્રાહ્મણ પૂત્રે કે દ્વીજે જપવીજ જોઇએ. તે ઉપરથી એ મંત્રના અર્થ રહસ્ય અને લક્ષ્ય ઉપર કેટલા બધા આવર્તનની જરૂર છે તે સ્પષ્ટ સમજાય છે માટે પ્રથમ પ્રયત્ન રૂપે, આ લઘુ પુસ્તક. "गायत्री तात्पर्य दिपिका" નામે દ્વીજ મંડળની સમક્ષ મૂકવામાં આવ્યું છે. એમાં દર્શાવેલા લક્ષ્ય ઉપર સર્વ દ્વીજ બંધુઓનું ધ્યાન ખેંચાશે. અને એવા રહસ્ય દીપક ગ્રંથોદ્વારા આપણી ઝાંખી જણાતી ધર્મ ભાવનાને સતેજ કરવા યોગ્ય વિદ્વાનો ઉદ્યમ કરશે તો સનાતન આર્ય ધર્મની વિજય પતાકા સર્વત્ર ઉડશે. હે પ્રભો ! આર્ય ધર્મના વિદ્વાનોને આ મનોરથ સિદ્ધ થવા પ્રેરણા કરો ! ! तथास्तु ! તા. ૧-૩-૧૨

श्री गायत्री भाष्यम्

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्ण मुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्ण मेवावशिष्यते ॥
ॐ शांतिः शांतिःशांतिः

॥ अथ सर्व वेदात्मनः सर्वशक्तेः सर्वावभासकः

(गायत्रीमंत्रः)

અથ—આ શબ્દ મંગલાત્મક છે. વૈશિષિક શાસ્ત્રના પ્રારંભ સૂત્રની શરૂઆત પણ એજ શબ્દથી થાય છે. अथातो धर्म व्याख्यास्यामः એજ પ્રમાણે વેદાંત શાસ્ત્રમાં अथातो ब्रह्मजिज्ञासा એ પ્રથમ સૂત્રમાં પણ अथ શબ્દ પ્રારંભેજ આવેલો છે. ઋષિ મુનિઓની પ્રાચીન પ્રણાલી એવી છે કે જ્યાં જ્યાં ધર્મ વિષયક મંગલાત્મક પ્રારંભ કરવાનો હોય છે ત્યાં ત્યાં ૐકાર અને अथ એ શબ્દમાંથી ગમે તે એક શબ્દથી પ્રારંભ થાય છે. કેમકે:—

ॐकारश्चाथशब्दश्चद्वावेतौ ब्रह्मणः पुरा ।
कंठं भित्वा विनिर्यातौ तेन मांगलिकावुभौ ॥

પૂર્વે બ્રહ્માના કંઠને ભેદીને ૐકાર તથા अथ એ બે શબ્દો નીકળેલા છે, તેથી એ બંને મંગલાત્મક છે. ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિને માટે ગ્રંથારંભે મંગલાચરણ સનાતન શૈલી પ્રમાણે થવું જોઇએ.

શ્રુતિ—ग्रंथ समाप्तिकामो मंगलमाचरेत આ પરિપાટીથી પ્રસ્તુત ગાયત્રી ભાષ્યનો પ્રારંભ પણ अथ શબ્દથી કરવામાં આવ્યો છે; તે યોગ્યજ છે. કેમકે मंगलं वेदबोधितकर्तव्यातकं अलौकिकधर्मशास्त्रानिषिद्ध शिष्टाचारविषयत्वात् दर्शादिवत् એટલે અલૌકિક અથવા ઇશ્વરીય ધર્મશાસ્ત્રથી નિષિદ્ધ કરાયેલી ન હોય, એવી ક્રિયાઓ શિષ્ટાચાર કહેવાય છે. અને એવો શિષ્ટાચાર વેદ વિહિત છે, તેથી તે વેદ બોધિત કર્તવ્યના પણ કહેવાય છે. વળી વેદબોધિત કર્તવ્યતા મંગલ સ્વરૂપ છે. માટે દર્શાદિ કર્મ પ્રમાણે આ ગ્રંથની શરૂઆત વેદબોધિત શિષ્ટ સંપ્રદાયાનુસાર કીધી છે.

सर्व वेदात्मनः=सर्व वेद अने आत्मन એ ત્રણે શબ્દનો સાથે વિચાર કરીએ તો ઋક્ યજુષ્ સામ્ અને અથર્વન્ એ ચારે વેદ અથવા પ્રત્યેક વેદ મંત્રનું ગ્રહણ કરી શકાય છે. વેદમાં વિદ્ ધાતુ છે તેનો અર્થ, જાણવું જ્ઞાન પામવું—થવું એવો થાય છે. દરેક વેદ અથવા તેનો દરેક વેદમંત્ર વ્યષ્ટિ સમષ્ટિનો બોધ કરીને એક સર્વ શક્તિમાન સત્તાસ્ફુર્તિરૂપ પરમાત્માના જ્ઞાનનો અનુભવ કરાવે છે. અને આત્માનુભવદ્વારા જીવ ઇશ્વરની એકતા સિદ્ધ કરે છે. આજ વેદનો મુખ્ય વિષય છે, અર્થાત્ સર્વ વેદોની પ્રવૃતિ આત્મા અને પરમાત્માની એકતા વિષયક છે.

सर्वशक्तेः સઘળાં પ્રકારના બળ ઐશ્વર્ય, સંપત્તિ વગેરેથી, અનંતકોટિ બ્રહ્માંડના ઉદ્ભવ, સ્થિતિ, અને પ્રલયના કારણરૂપ હોવાથી, અણું જેવાંથી માંડીને સૂર્ય ચંદ્ર જેવા દીવ્ય તેજોમય, અને પૃથ્વી પાણી પવન વગેરે અનેક ભૂત માત્રને નામરૂપાદિ સંજ્ઞા લગાડીને

ઓત પ્રોત વિલસી રહ્યા છે, તે પરમાત્માથીજ બ્રહ્માંડ ભાસમાન થાય છે, અને એજ બ્રહ્મ આત્માનુભવદ્વારા પ્રકટ થઇને જન્મ મરણની સાંકળ અને વિષયોની જંજાળ તથા સુખ દુખાદિના પ્રલાપોનું મિથ્યાપણું સમજાવી જગતમાં જીવન સાફલ્ય કરાવી અમૃતત્વ અર્પણ કરી એકાકાર કરી મૂકે છે. આ પરમાત્મા દેવ સર્વત્ર અંતર બાહેર વ્યાપક છે, શ્રુતિ=आकाशवत् सर्वगतश्च नित्यः આકાશ પેઠે વ્યાપક અને નિત્ય છે. દિશા, કાળ વિગેરે અવચ્છેદથી રહિત ત્રિકાલા બાધ વસ્તુ નિત્ય કહેવાય છે. અને તે એક પરબ્રહ્મજ નિત્ય છે.

सर्वावभासकः ભાસ કરનાર, જ્ઞાન કરનાર, અથવા પરમાત્માની દિવ્યતાનો બુદ્ધિને નિશ્ચય કરાવનાર એવો અર્થ લઇએ છીએ. કેમકે ચર, અચર સમગ્ર જગત ચર્મચક્ષુને ભાસમાન થાય છે તે, તેમજ આનુશ્રવિક કે મન બુદ્ધિ વગેરેને ભાસમાન થાય છે તે, સઘળાંને જેના તેના વાસ્તવિકરૂપે દેખરાવે છે. અંતર્દૃષ્ટિ અને બાહ્યદૃષ્ટિથી જેટલું જોઇ શકાય છે. તે સઘળું સૃષ્ટિકાર્ય છે. કેમકે यत्रयत्रदृष्टिः तत्रतत्रसृष्टिः વળી સૃષ્ટિ મિથ્યા છે તેથી દૃશ્ય કે અદૃશ્ય જગત પણ મિથ્યા છે. આ પ્રમાણે વેદના મુખ્ય વિષય આત્મા પરમાત્માની એકતા સાથે પરબ્રહ્મ સ્વરૂપનાં નિત્ય તત્વ અને સર્વ શક્તિમત્વાદિનું જ્ઞાન કરવા સાથે સમગ્ર વિશ્વ પ્રપંચના મિથ્યાપણાનો બોધ આપી બ્રહ્મસત્ય અને જગત મિથ્યા એ મહાન તાત્વિક બોધને ઉત્પન્ન કરવાવાળો ગાયત્રી મંત્ર છે गायत्री—વેદ મંત્રમાં કેટલાક સૂત્રરૂપ અને કેટલાક છંદોબદ્ધ છે. સુતલ, અનુષ્ટુપ ગાયત્રી ત્રિષ્ટુપ્ વગેરે છંદો વેદમાં સુપ્રસિદ્ધ છે. ગાયત્રી પણ આ પ્રમાણે ગાયત્રી છંદોબદ્ધ

મંત્ર વિશેષ છે. આ મહામંત્ર બ્રાહ્મણોના આન્હિક કર્મમાં મૂખ્ય છે. એના શબ્દાર્થ–ભાવ, વગેરે લક્ષપર આવતાં, એમાંથી ઝરતું જ્ઞાનામૃત મનુષ્ય જન્મની સાર્થકતાનો હેતુ છે.

गायत्रीः गाः ગતિથવી यः પ્રેરવું. પ્રવેશવું + त्री પ્રતીતિ થવી આ ભાગ પ્રમાણે અર્થ કરીએ તો, અવિદ્યાને ગમન કરાવીને બ્રહ્મ વિદ્યામાં પ્રેરી અભેદ જ્ઞાનની પ્રતિતિ કરાવનારો મહામંત્ર એવો અર્થ થાય છે. આજ અર્થનું સમર્થન કરનારી વ્યુત્પત્તિ ઉપલબ્ધ છે. अविद्याजनितदोर्षानवृत्तिपूर्वकब्रह्मविद्यायाम प्रवेशंकर्त्रि सा गायत्री. કેટલાક ગાયત્રીને ત્રિપદા સિદ્ધ કરવામાં આ વ્યુત્પત્તિનો અર્થ લાગુ પાડી ત્રણ પદનો હેતુ સમજાવે છે. ત્યારે કેટલાક ગાયત્રી છંદના ત્રણ ચરણો એ મહામંત્રમાં છે તેથી એ ત્રિપદા કહેવાય છે એમ કહે છે, વળી गाः ચિદ્ શક્તિ વાચક, +यः અધિષ્ટાન બ્રહ્મ વાચક +त्रीः અભેદ વાચક, ચિદ્ શક્તિ અને આત્માનો અધિષ્ટાન બ્રહ્મમાં અભેદ છે. એ બ્રહ્મજ્ઞાન દાતા ગાયત્રીજ છે. गायत्रीः स्तुति करणात् या द्वीजा तीनाम् त्रायति रक्षति वा । यद्वा । या सर्व भूतानाम् जन्मयित्री भूत्वाऽस्माकम्, स्वपुत्रानिव त्रायति रक्षति सा गायत्रीति बोधव्या ॥ જે દ્વીજાતિ જાતિઓનું તારણ કરે છે, રક્ષણ કરે છે. અથવા જે ભૂત માત્રને ઉત્પન્ન કરીને પોતાના પૂત્ર સમાન, તારે છે, રક્ષણ કરે છે. વળી ઐતરેય બ્રાહ્મણમાં गयान् प्राणान त्रायते सा गायत्री. વળી બૃહદારણ્યો પનિષદ્‌માં ગાયત્રી શબ્દના વ્યુત્પત્તિ અર્થ વગેરે ઉપર ભગવાન ભાષ્યકાર કહે છે કે सेषा गायत्री प्राणाः अतः गायत्र्याम् जगत् प्रतिष्ठितम् यस्मिन् सर्वे देवा एका भवन्ति सर्वे वेदाः कर्माणि कलानि च । सेषा

गायत्री प्राणरुपामती जगत् आत्मा मेहेषा गयांस्त्रायती । गायत्राणात् गायत्रीति એ ગાયત્રી પ્રાણસ્વરૂપા છે. જે જગતમાં સર્વ કર્મો અને કલા વગેરે સમાઇ રહેલાં છે. તે, સર્વ વેદો તથા સર્વ દેવો એકત્ર થાય છે જડ ચૈતન્ય જગત ગાયત્રીમાંજ પ્રતિષ્ટા પામ્યું છે. એ ગાયત્રી પ્રાણ સ્વરૂપ હોવા છતાં જગત અને આત્મા રૂપ છે. અને તારણ પણ એજ કરે છે.

આ મહા મંત્ર ઉપર અનેક સ્થળે વિવિધ પ્રકારના વ્યાખ્યાન વ્યુત્પત્તિ વગેરે માલમ પડે છે, નિરૂક્ત, બ્રાહ્મણ ઉપનિષદ્ સ્મૃતિ, અને પુરાણ વગેરેમાં જુદા જુદા દૃષ્ટિ બિંદુથી એ મંત્ર ઉપર પ્રબળ ઉહાપોહ પ્રાપ્ત થાય છે, પરંતુ તે સઘળાનું તાત્પર્ય એ છે કે જગત્નું મિથ્યાત્વ અને પરબ્રહ્મના નિત્યત્વની પ્રતીતિ કરાવી આત્માનુભવદ્વારા આનંદસ્વરૂપમાં સ્થિર કરનાર એજ મહામંત્ર છે.

વળી ગાયત્રી–ગાવાનું સાધન, યાને સચ્ચિદાનંદ પરમ મંગલમય પરબ્રહ્મમાં ચિત્ શક્તિનો વિલય થતાં નિત્ય નિજાનંદની જ્ઞાનવેણુમાં મસ્ત કરનારા મંત્રનો ઉચ્ચાર કરવાનું ગાન કરવાનું–જપ કરવાનું સાધન, આ સઘળા અર્થો ઉપરથી ગાયત્રીની મહત્તાનો ખ્યાલ સાધક સારી રીતે કરી શકશે. મહાન્ શંકર ભાષ્યકાર કહે છે કે:-तेजोमयस्य परमात्मन:

सर्वात्मकद्योतनार्थसर्वात्मकत्वप्रतिपादक ॥

गायत्री महामंत्रस्योपासना प्रकारः प्रकाश्यते ॥

તેજોમય પરમાત્માના સર્વ શક્તિમત્વનો જ્ઞાનરૂપે પ્રકાશ કરીને સર્વ ભેદોને અભેદ પરમાત્મ સ્વરૂપમાં લીન કરનારા જ્ઞાનનું પ્રતિપાદન કરનારા ગાયત્રી મહામંત્રની ઉપાસના વગેરેનું નિરૂપણ કરવામાં આવે છે. तत्र गायत्रीं प्रणवादि सप्त व्याहृत्युपेताम् प्रणवः-ૐકાર શ્રુતિ ૐ इत्येक्षरमिदं सर्वोपतस्य व्याख्यानम भूत भवद्भविष्यदिति सर्व मोङ्कारमेव ॥ ભૂત, વર્તમાન. અને ભવિષ્યત્ એ ત્રણે કાળ ૐકારમાંજ સમાઇ જાય છે વળી ભૂત વર્તમાન અને ભવિષ્યત્ કાળમાં પ્રતીત થતુ જગત નાશવંત છે. અને એ નાશવંત જગતની પ્રતીતિ પણ ૐકાર માંજ છે. વળી દિશા કાળ આદિ પરિચ્છેદોથી જેનો નાશ થતો નથી તે નિત્ય કહેવાય છે. અને તેનો સમાવેશ પણ ૐકારમાંજ છે. આમ જડ કે ચૈતન્ય, નિત્ય કે અનિત્ય, સઘળું ૐકારજ છે.

अ+उ+म+ અર્ધમાત્ર મળી ૐકાર ચતુષ્પાત્ કહેવાય છે. ત્રિગુણાત્મક વ્યાકૃત જડ પરમાણુંથી માંડીને હિરણ્યગર્ભ પર્યંત ત્રણ માત્રામાં જગતની અનિત્યતાને અર્ધમાત્રારૂપ અવ્યાકૃત પર બ્રહ્મની નિત્યતા સાથે એકતા કરનાર ૐકારજ છે.

આમ ૐકાર પરમ તત્વરૂપ છે. નામરૂપથી કોઇ પણ જગતનો પદાર્થ રહીત નથી અને એ નામ રૂપોનું ઉચ્ચારણ ૐકારથી ન્યારૂ નથી માટે સર્વ ભૂત માત્ર ૐકારની વ્યાપ્તિમાં આવી જાય છે. તેમજ સ્વર્ગાદિ દીવ્ય ગણાતા સુખના પ્રલોભન અને અદૃશ્ય લોક શક્તિ વગેરે ૐકારમાં સમાય છે. વળી જગતની ઉત્પત્તિના આરંભ કાલમાં પ્રતીત થતા ઇશ્વર શક્તિના હિરણ્યગર્ભાદિ લક્ષ્ય નામો કે વિદ્યા અને

અવિદ્યાની સામ્યાવસ્થારૂપ જડ ચૈતન્યના વિવિધ સ્વરૂપોનો સમાવેશ મકારમાં થાય છે. અને એ સઘળાંની નશ્વરતા, અર્ધમાત્ર રૂપ પરબ્રહ્મના બોધમાં અમળાઇ જાય છે. આમ ૐ કાર એ વાણી માત્રમાં સમાઇ જતાં વિશ્વનો, તથા વાણીમાં નહીં આવી શકતા પરમાત્મ દેવનો અભેદરૂપ અક્ષર બ્રહ્મ સિદ્ધ થાય છે.

ૐકારના ચતુષ્પાદની એક વાકયતા આત્માના ચતુષ્પાદ સાથે પણ સિદ્ધ છે. શ્રુતિ=सर्वं ह्येतद् ब्रह्मायमात्मा ब्रह्मसोऽयमात्मा चतुष्पात् આ શ્રુતિ ત્રણ પાદવાળી છે. सर्वम् हिएतद् ब्रह्म। अयम आत्मा ब्रह्म। स अयम् आत्मा चतुष्पात्। આ સઘળું બ્રહ્મસ્વરૂપ છે. આ આત્મા તે બ્રહ્મ છે. અને એ આત્મા ચાર પાદ વાળો છે. પાદ—પગથીઉં સોપાન, જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ. અને તુર્યા, એ ચાર અવસ્થા, અથવા પાદમાં આત્માને ચાર જુદાં જુદાં વિશેષણ રૂપ નામ લાગુ પડેલાં છે. જાગ્રત અવસ્થામાં, વિશ્વ. સ્વપ્નમાં તેજસ સુષુપ્તિમાં પ્રાજ્ઞ અને તુર્યામાં પ્રત્યક્ એ પ્રમાણે કર્તૃત્વ ધર્મના નિમિત્તરૂપ તે તે અવસ્થાના અભિમાની તરીકે નામરૂપ શબ્દોથી વ્યવહાર થાય છે. એ ચારે અવસ્થામાં આત્મા અસંગ અને માત્ર દૃષ્ટા હોય છે. અને તે ૐકારની અર્ધમાત્રાથી અતીત નિર્વિશેષ પરબ્રહ્મથી ન્યારો નથી. માટે જગત અને આત્મા, તથા પરબ્રહ્મ એ સર્વ ૐકારજ છે.

પાતાંજલ યોગ સૂત્રમાં, तस्य वाचकः=प्रणवः। तज्जपस्तदर्थभावनम्। વિગેરે સૂત્રથી સ્પષ્ટ સમજણ આપી છે કે એ પરમાત્મા દેવનો વાચક પ્રણવ અથવા ૐકાર છે, અને એ પરમાત્મા દેવની ભાવના

પ્રણવમાં કરીને તેનો જાપ કરવો. ઇશાવાસ્યોપનિષદ્માં ॐ क्रतोस्मर क्रतोस्मरेति તૈતેરિય ઉપનિષદ્માં ओमिति ब्रह्मेति. ૐકારથી પરબ્રહ્મનું સ્વરૂપ સ્મર, અને ૐકારજ બ્રહ્મ છે. યાજ્ઞવલ્કય સંહિતામાં કહ્યું છે કે

ओंकारं परमंब्रह्म सर्वमंत्रेषु नायकः

जपेन दहते पापं प्राणायामैस्तथामलं

ૐકાર એ પરમ બ્રહ્મ છે. અને એજ સર્વ મંત્રનો નાયક છે. જપ કરવાથી પાપને દહન કરે છે, અને પ્રાણાયામ કરવાથી પણ દોષોનો તેજ પ્રમાણે નાશ કરે છે. સર્વ વેદના આદિ મૂળ ભૂત ક્ષર અક્ષરના અધિષ્ઠાન પુરણ પુરૂષોતમ ૐકારમાંજ પ્રતિત થાય છે. માટે ૐકારમા ઇશ્વર જગત, ચારે વેદ. ચારે વર્ણ. અને અનેક પ્રકારના મંત્ર જપ યજ્ઞ વગેરે ક્રિયાનો સમાવેશ છે. એ સત્ય ૐકારનું ધ્યાન કરવાથી સમજાય છે. એવા અનુભવના બહુ સુંદર પ્રમાણો અને વર્ણનો આપીને આપણા પ્રાચીન શાસ્ત્રકારો પુષ્કળ ઠેકાણે ૐકાર અક્ષર બ્રહ્મનું ગુણગાન કરે છે.

व्याहृतिः—મંત્ર વિશેષ–એ સાત છે. भूः, भुवः, स्वः, महः जनः तपः सत्यः એ સાતમાંથી પ્રથમની ત્રણ ગાયત્રી મહામંત્રમાં પ્રથમ, ઉચ્ચારવામાં આવે છે.

भूः, भुवः, स्वः—પૃથ્વી આકાશ, સ્વર્ગ વગેરે લોકો. અથવા બ્રહ્માંડો કે સ્વર્ગ મૃત્યુ પાતાળ આદિ ત્રણે લોક અને એ ત્રણે લોકમાં વ્યાપક સત્તારૂપે રહેલા ઇશ્વર એ બંને અર્થનું ગ્રહણ થાય છે. બ્રહ્માંડ અથવા લોક ત્રણજ ગ્રહણ કરવાના નથી. એતો માત્ર

લોકોમાં સામાન્ય રીતે ત્રણે લોક બોલવાનો પરિપાઠ પડી ગયો છે. પણ એથી સમગ્ર બ્રહ્માંડ અથવા અખિલ બ્રહ્માંડ એવો અર્થ લેવાનો છે. કાત્યાયન સુત્રમાં भूर्भुवःस्वः शब्देन ब्रह्मक्षत्रविश्य इति, તેમજ ઐતરેય બ્રાહ્મણમાં भूरित्यग्निः भुवइतिवायुः स्वइत्यादित्यः ગોપથ બ્રાહ્મણમાં चत्वारो वाङ्मे देवा अग्निर्वायु आदित्यश्चन्द्रमा આ પ્રમાણે એ ત્રણે વ્યાહૃતિઓથી બહોળો વ્યાપક અર્થ સૂચન થાય છે. વળી भूरितिऋचः भुवइति सामानि स्वइति यजूंषि, તૈતરેય ઉપનિષદ્‌માં અને यएषोऽन्तरिक्षिणि पुरुषो दृश्यते, सैवार्क तत्साम तदुक्थं तद्यजुस्तद् ब्रह्मेति, આ શ્રુતિ છાંદોગ્યમાં આવે છે. એનું ભાષ્ય કરતાં ભગવાન શંકર કહે છે કે. भूरिति व्याहृतिमृगभ्यो जग्राह, भुव यजुर्भ्यः स्वइति सामभ्यइति, એ જે અંતરિક્ષમાં દીવ્ય તેજોમય અર્ક દેખાય છે. તેજ ઋગ, યજુષ, અને સામરૂપ કે બ્રહ્મરૂપ છે. भूः=ઋગ્વેદમાંથી भुवः=યજુર્વેદમાંથી અને स्वः=સામવેદમાંથી લીધેલી વ્યાહૃતિઓ છે. ઋગ વગેરે નામો પણ પરબ્રહ્મના અર્થવાચક છે. કેમકે ऋक्=ऋधातु ગતિ કરવી. सर्वेषाम् प्राणिनाम् भूतानाम् हृदयेषु ऋच्छति गच्छति, स સર્વ પ્રાણીઓના હૃદયમાં જેની ગતિ થાય છે. તે (પરમાત્મા), તેમજ यजुष्=यज् ધાતુ પુજન કરવું. देव पूजने सर्वैः देवैः मनुष्यैः वा पूजितः सः સર્વ દેવ કે મનુષ્ય વડે જેનું પૂજન થાય છે. તે (પરમાત્મા,) તેમજ साम सम् ધાતુ સાંત્વન કરવું, स्वज्ञानेनैव यो भक्तानाम सान्त्वयतीति, પોતાના સ્વરૂપનું જ્ઞાન પામતાં જે ભક્તોનું પરમસાંત્વન કરે છે. તે પરમાત્મા દેવનો વેદ સાથે અભેદ સંબંધ સ્પષ્ટ સમજી શકાય છે. એ અભેદ સંબંધનો હેતુ સિદ્ધ કરવાને માટેજ ગાયત્રી મંત્રમાં ૐકાર પછી એ ત્રણે મહાવ્યાહૃતિઓ ઋચા રૂપે આવે છે.

કલ્પની ઉત્પત્તિ કાલે ઉપર ગણાવેલી સાત વ્યાહૃતિઓની ઉત્પત્તિ થઇ, તેમાં भूर्भुव=स्वः એ ત્રણ મહાવ્યાહૃતિ ગણાય છે, અને તેની મહત્તાનું સ્પષ્ટ પ્રસ્ફોટન ઉપર કરી બતાવ્યું છે.

त्रिभ्यः एव तु वेदेभ्यः पादंपादमदूदुहत्

तदित्यृचो सावित्र्या परमेष्ठि प्रजापतिः

જેમાં तत् પ્રતીક આવે છે એવી ઋચાઓવાળી ગાયત્રીનાં પાદ, ઋક્ યજુષ અને સામ એ ત્રણે વેદમાંથી કાઢીને બ્રહ્મા એ બ્રહ્મબોધ કર્યો છે. એ ગાયત્રી મહામંત્ર નીચે સ્વર રહીત આપવામાં આવે છે.

ॐ भूर्भुवः स्वः तत्सवितु र्वरेण्यं भर्गो

देवस्य धीमहि धियो यो नः प्रचोदयात्

ૐકાર અને વ્યાહૃતિઓનું વ્યાખ્યાન કર્યા પછી સાવિત્રિના तत् પ્રતીકથી આગળ વિસ્તાર કરીએ છીએ.

ततः—तस्मादिति=तत+मत+इति તે એક પરમાત્મા દેવજ સત્ અથવા નિત્ય છે. અને તે શિવાયનું જે હોય છે તે અસત્ કે અનિત્ય છે. દેશ, કાલ, અને વસ્તુ એ ત્રણ પરિચ્છેદ કહેવાય છે. એ પરિચ્છેદોથી રહિત હોય તે નિત્ય અથવા સત્ કહેવાય છે. અને બાકીનું બધું અનિત્ય કે અસત્ કહેવાય છે. જગત્ માત્ર અનિત્ય છે. કેમકે બ્રહ્મથી ભિન્ન હરકોઇ દેવ, મનુષ્ય, પ્રાણી પદાર્થ વગેરેને એ ત્રણે પરિચ્છેદ લાગુ રહે છે. તેથી તે અનિત્ય

છે. વળી પરબ્રહ્મ જ્ઞાનરૂપ છે. તથા આનંદરૂપ છે. શ્રુતિ—आनंद आत्मा ब्रह्मपुच्छं प्रतिष्टा । અન્નમયાદિ સર્વ કોષો થકી અંતર, અને સર્વનો અવસાન રૂપ ઉપાધિ રહિત આનંદ આત્મા તેજ બ્રહ્મ છે. અને એજ આનંદ સ્વરૂપ આત્માથી અભિન્ન બ્રહ્મ પુચ્છ છે. ॐ तत्र तत्सादिति निर्दिशो ब्रह्मण स्त्रिविधः स्मृतः । तच्छब्देन सच्चिदानंद स्वरूपं स्वतः सिद्धं ॥ ઉપર જણાવેલી બે શ્રુતિઓમાંથી પહેલી પરમાત્મા દેવના ત્રણ લક્ષણ જણાવે છે. અને તે ત્રણે લક્ષણો સત્ ચિત્ અને આનંદ બીજી શ્રુતિમાં છે. તેથી સચ્ચિદાનંદ પરમાત્મા સિદ્ધ થાય છે.

નિત્યત્વ ચૈતન્ય અને આનંદ એ પરબ્રહ્મમાંજ સંભવે છે. અન્યત્ર સંભવતાં નથી, श्रुति=आनंदो ब्रह्म બ્રહ્મ આનંદરૂપ છે. વળી श्रुति=सत्यज्ञानमनंतं ब्रह्म । જ્ઞાન સ્વરૂપ અનંત બ્રહ્મજ સત્ય છે. નિત્ય હોવાથી સર્વ કાળમાં અસ્તિત્વથી વ્યવહાર કરે છે. જાગ્રત, સ્વપ્ન, અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાને જાણે છે. માટે જ્ઞાનરૂપ છે. અને કાળ પરિચ્છેદથી રહિત છે. હૃદય, કંઠ અને નેત્ર એ ત્રણ ઠેકાણા અથવા દિશા જાણવી, અને એથી એ આત્મા અસંગ છે. માટે દિશા પરિચ્છેદથી રહિત છે. તેમજ મન. બુદ્ધિ. ચિત્ત અહંકાર વસ્તુઓ અથવા સાધન જાણવી. એથી પણ તે ન્યારો છે. તેથી વસ્તુપરિચ્છેદથી રહિત છે.

आनंदादयः प्रधानस्य । આનંદાદિ જેમાં પ્રધાનપણે પ્રવર્તે છે તે વળી શ્રુતી—यतो वाइमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति यत्प्रयन्त्यभि संविशन्ति तत् विजिज्ञासस्वतो ब्रह्म । હિરણ્યગર્ભાદીથી સ્તંભ પર્યંત જેન

વડે ઉત્પન્ન થાય છે, અને ઉત્પન્ન થઇને જેની સત્તા વડે જીવે છે. અને જેની સત્તાએ વિનાશ પામે છે.

તે સ્વયંસિદ્ધ પરબ્રહ્મ છે. શ્રુતિ–आनंदा देव खल्विमानि भूतानि जायन्ते। आनंदेन जातानि जीवन्ति आनन्देन प्रत्यभिसंविशन्ति આનંદ વડેજ ભૂત માત્રની ઉત્પત્તિ છે. આનંદ સારૂજ જીવે છે. અને આનંદમાંજ લય પણ પામે છે. એ પ્રમાણે આનંદ સ્વરૂપ પરમાત્મા દેવ સ્વયં સિદ્ધ છે. આ સચ્ચિદાનંદ પરમાત્માદેવ તે તત્ પદનો લક્ષ્ય છે.

सवितुः सवितावै प्रसवानामीशेः सवितृ प्रसूता एवैनां तत्प्रणयन्ति एत रेय બ્રાહ્મણમાં આ પ્રમાણે વળી યાજ્ઞવલ્કય કહે છે કે सवितृ द्योत नात्मैव सावित्रि परिकीर्तिता। આ પ્રમાણોથી એટલું તો સિદ્ધ છે કે જેનાથી જગતની ઉત્પત્તિ થાય છે. અને જેને આધારે ઉત્પન્ન થઇને રહે છે, અને તે પછી જેમાં લય થાય છે તે પરમાત્મા સવિતા કહેવાય છે જેમ ઘડો માટીમાંથી ઉત્પન્ન થાય છે. અને માટીને આશ્રયે રહે છે. અને લય થતાં પાછો માટીમાંજ મળી જાય છે. તેજ પ્રમાણે જગતનું પણ જાણવું શ્રુતિ–सृष्टि स्थिति लय करणत्वम् तटस्थ लक्षणं। સૃષ્ટિથી ઉત્પત્તિ, સ્થિતિથી પાલણ પોષણ અને લયથી નાશ ગ્રહણ કરવો આ બ્રહ્મનું તટસ્થ લક્ષણ છે. શ્રુતિ सृष्टि स्थिति लक्षणकस्य सर्व प्रपंचस्य समस्तद्वैत विभ्रमस्याधिष्टानम् लक्ष्यते સૃષ્ટિની ઉત્પતિ સ્થિતિ લયનું તેમજ સર્વ પ્રપંચનું, અને વળી ભ્રમથી ભાસતા સમસ્તદ્વંદ્વનું અધિષ્ટાન પણ દેખાય છે ત્યારે તટસ્થ કેવી રીતે? એ શંકા સહજ સ્ફુરે છે. માટે શ્રુતિ તટસ્થનું લક્ષણ કહે છે કે:—

कदाचित्कत्वेसति व्यावर्तकं तटस्थ लक्षणं। એટલે જે લક્ષણ પોતાના લક્ષ્યમાં વર્તેનાં છતાં, તે પોતાને અન્યથી ન્યારૂં કરે છે તેને તટસ્થ કહે છે, પૃથ્વીનો ગંધ ગુણ તટસ્થ લક્ષણનું ઉદાહરણ છે. એજ પ્રમાણે બ્રહ્મ સર્વ જગતમાં સત્તા રૂપે વ્યાપક હોવા છતાં પોતે અસંગ ન્યારાજ છે. जगत् कर्तृत्वेसति जगदुपादनत्वम જગતની ઉત્પત્તિ કરનાર હોવા છતાં જગતના ઉપાદાન કારણ રૂપ બ્રહ્મનું સવિતા પદ વિશેષણ છે, અને એમાં તટસ્થ લક્ષણ બરાબર પ્રવર્તે છે, કેમકે સૂર્યથી વિશ્વ ઉપર ઉત્પત્તિ થાય છે પરંતુ વિશ્વની સાથે સવિતાને કશો સંબંધ નથી માટે સવિતા શબ્દથી તટસ્થ લક્ષણ યુક્ત અસંગ પરબ્રહ્મ અર્થ ગ્રહણ થાય છે

रज्जुरूपे परिज्ञाते सर्पखंडं न तिष्ठति
अधिष्ठाने तथा ज्ञाते प्रपंचः शून्यताम् गतः

જેમ રજ્જુને આશ્રયે સર્પ ભાસે છે. તે જ્યારે આ દોરડું છે એવું જ્ઞાન થાય છે. ત્યારે સાપનું સ્વરૂપ નિવૃત્ત થાય છે. તેમ સવિતા દેવને આશરે સર્વ સર્પરૂપ પ્રપંચ ભાસે છે. તે જ્યારે અહં-બ્રહ્માસ્મિ એવું જ્ઞાન થાય છે, ત્યારે સર્વ પ્રપંચ દ્વૈતભાવ નિવૃત્ત થાય છે. એ પ્રમાણે સર્વ દ્વૈત પ્રપંચનો અધિષ્ઠાન એ ઉપર વર્ણવેલા સવિતા દેવ છે. વળી ભગવાન્ ભાષ્યકાર શ્રી શંકરનું વચન છે કે यत्राहि यदध्यामस्तत्कृतेन दोषेन गुणेन वा माञेणापि स न संबध्यते इति। અધ્યાસનું જે અધિષ્ઠાન છે તે અધ્યસ્તના અણુમાત્ર પણ દોષથી કે ગુણથી સંબંધ પામતું નથી અર્થાત્ નિર્લેપ રહે છે. આ ન્યાયે સવિતાને આપણે દ્વૈત માત્ર વિભ્રમનો અધિષ્ઠાન લક્ષ્ય ઠરાવ્યો છે.

તે વાસ્તવિકજ છે. કેમકે તે નિર્લેપ છે. શ્રુતિ–યથાદંतिनि दारु विकारे दारु तिरोभवति तथा जगति परमात्मा परमात्मन्यपि जगत् तिरोधते । જેમ લાકડાનો બનાવેલો હાથી બહિર્મુખે દૃષ્ટિથી જોતાં લાકડાંનો ખ્યાલ આવતો નથી અને હાથી દેખાય છે. પણ અંતર દૃષ્ટિથી જોતાં હાથીનો ખ્યાલ આવતો નથી પણ લાકડું જણાય છે. તે પ્રમાણે બહિર્મુખતાથી જગત માત્રની પ્રતીતિ છે. અને પરમાત્મા નિરોધિન જણાય છે, પણ અંતર્મુખતાથી પરમાત્મા દેવમાંજ અખિલ વિશ્વ તિરોધાન થયેલું જણાય છે. એ પરમાત્મા—સવિતા છે. षू ધાતુ પ્રેરણા કરવી. स्वस्व व्यापारे प्रेग्यति यः सः ભૂત માત્રને અથવા સમસ્ત જગતને પોતપોતાના વ્યાપારમાં પ્રેરે છે. તે સવિતા છે. यास्काचार्यनिरुक्तમાં કહે છે કે सविता वै सर्वस्य प्रसवितानि ऋगयजुर्वेद માં પણ सवितावै प्रसवानामीशे सवितारमेव વળી શતપથ બ્રાહ્મણમાં असौ वै आदित्यो देव सवितेति તેમજ ગોપથમાં चंद्रमा सविता प्राण एव सविता विद्युदेव सविता, વગેરે અનેક પ્રમાણોથી સ્પષ્ટ સમજી શકાય છે કે અખિલ વિશ્વના પ્રેરક શ્રી સવિતા પરમાત્મા છે. वरेण्यम्——(उपासनीयम) वृ ધાતુ પ્રસન્ન થવું આનંદ આપવો. वरेण्यमिति सर्वै वरणीय निरतिशयानंदरूपम् । જે આનંદના જેટલો કે જેવો આનંદ બીજો થઈ નથી શકતો તે નિરતિશય આનંદ કહેવાય છે. વળી અન્યત્ર કહેવામાં આવ્યું છે.

यस्यानंदस्य मात्रा विविध सुखमिदम् येन
सर्वे विजीवा प्राणंत्व व्याकरं प्राक जगदिद
मखिलं व्याकरोन्नामरूपैः अतर्यामि ऋषि

काधिप इति विदितं व्यापकं ब्रह्म तत्ताहु
ब्रह्मास्मिति येनैव विलयमसवतस्य नैवोच्छलन्ति

હિરણ્યગર્ભાદિ સમગ્રદેવ મનુષ્ય પ્રાણી પદાર્થોમાં રહેલો આનંદ તે નિઃસિમ આનંદના ભંડાર શ્રી પરમાત્માના આનંદનો કિંચિંત્ અંશ માત્ર છે. વગેરે વળી सृष्टवाकाशादि दहावपि सकलमिदमृतप्रविश्यां तरस्थो यः सर्वेषाम् सोनियमयति सदानंद चिद्रुपएकः આકાશથી આરંભીને દેહ પર્યંત જગતને સરજીને તેમાં પ્રવેશીને સહુને નિયમમાં રાખે છે. તે પરમાત્મા દેવ વરેણ્યમ્ કહેતાં ઉપાસના કરવા યોગ્યજ છે.

भर्गः—भर्ज्जन्ति, नश्यन्ति पापानि संसार जन्मजरामर्णादिदुःख मूलानियेन तद्भर्गः–સંસારના જન્મજરા વગેરે અનેક પ્રકારના દુખના મૂળરૂપ પાપો જેના વડે નાશ થાય છે તે, ભર્ગ છે. भ्राजते दीप्यते यस्माद् जगदन्ते हरत्यपि। જેના વડે જગત ઉત્પન્ન થાય છે, દીપે છે, અને અંતે નાશ પામે છે. તે ભર્ગ છે વળી भ्राजते तत्स्वरुपेण तस्माद्भर्गः समुच्यते (જે જ્યોતિર્મય પરમાત્મા સ્વયંપ્રકાશ છે. અથવા) જેને અન્યના પ્રકાશની જરૂર નથી પોતાના પ્રકાશ વડેજ જે પ્રકાશે છે. તે ભર્ગ છે. भेति भासयते लोकान्रेति रंजयते प्रजा गत्यागच्छेत जसं भरगो भर्गः જેના વડે લોકો ભાસમાન છે. જેના વડે પ્રિયકારક છે. અને જેમાં આવે છે તે ભર્ગ કહેવાય છે. આ સઘળાં પ્રવચન યાજ્ઞવલ્કયના છે. વળી અન્ય સ્થળે પણ એ અર્થને મળતાંજ પાઠ છે. "भ" भासयतीमाल्लोकानिति, 'रं' रंजयतीमानि भूतानीति "ग" गच्छत्यस्मिन्नागच्छत्यस्मादिमाः प्रजास्तस्मा द्भकारत्वाद्भर्गः જેના વડે આ લોક ભાસમાન થાય છે. જેના વડે ભૂત માત્રની પ્રવૃતિ સુખદ્વારા આનંદ

ભોગ તરફ પ્રેરાયેલી રહે છે. અને જેને મળ્યા પછી આ લોકમાંની કોઇ પણ પ્રજા પુનરાવૃત્ત થતી નથી એવા સ્વયં પ્રકાશ પરબ્રહ્મ પરમાત્માના જ્યોતિ સ્વરૂપનું भर्ग શબ્દથી સ્પષ્ટ સૂચન થાય છે,

भर्ग=સ્વયંપ્રકાશ જ્યોતિરૂપ પરબ્રહ્મ, અખિલ બ્રહ્માંડમાં ઓત પ્રોત હોવા છતાં, અને હસ્તામલકવત્ નિત્ય પ્રાપ્ત છતાં માયાના વાસ્તવિક નિર્દોષ સ્વરૂપને નહીં સમજવાથી પોતાના અજ્ઞાન અથવા ભ્રમ વડે અનેક પ્રકારના વિષયો કે પદાર્થોને સુખ દુ:ખના હેતુ માનીને જીવ માત્ર દુખી થાય છે કેમકે

ज्ञानाज्ञाने विलासोऽयं ज्ञानाज्ञाने च पश्यति ।

ज्ञानाज्ञाने परितज्य, ज्ञानमेवावशिष्यते ॥

આ દેખીતો વિશ્વ પ્રપંચ છે તે જ્ઞાન અને અજ્ઞાનમિશ્રિત વિલાસ છે. તે જ્ઞાન અને અજ્ઞાનવાળી દશામાંજ પ્રતીત થાય છે. એવા જ્ઞાન અને અજ્ઞાનને તજી દેતાં જે કેવલ શેષ રહે છે. તેજ ખરૂં જ્ઞાન છે.

આ ઉપર જણાવેલો સિદ્ધાંત જરા લંબાણથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે; સામાન્ય રૂપનું જ્ઞાન અને વિશેષ રૂપનું અજ્ઞાન, એ બેઉ અધ્યાસના હેતુ છે. એક દૃષ્ટાંત લઇએ अयंरज्जुः આ શબ્દોમાં अयम् શબ્દ સામાન્ય જ્ઞાન દર્શક છે. ત્યારે रज्जु શબ્દથી વસ્તુ વિશેષનો બોધ કરે છે તેથી એ વિશેષ જ્ઞાનનો બોધ કરે છે. જે વખતે રજ્જુમાં સર્પ ભાસે છે, તે વખતે રજ્જુના વિશેષ જ્ઞાનની પ્રતીતિ રહેતી નથી. પણ તે સમયે એ વિશેષ જ્ઞાનનું

અજ્ઞાન થાય છે. अयं પદનું સામાન્ય જ્ઞાનતો રહેજ છે. તેથી અનુવ્યવસાયવડે રજ્જુમાં સાપનું ભ્રાંતિ જ્ઞાન થાય છે. અથવા વિશેષ રૂપનું અજ્ઞાન અને સામાન્ય રૂપનું જ્ઞાન, કલ્પિત તાદાત્મ્ય સંબંધ પામીને અન્વયાર્થે પ્રતીત થાય છે. તેથી જ્ઞાન અજ્ઞાનના વિલાસ રૂપ જેમ રજ્જુમાં સર્પ ભાસે છે. તેવીજ રીતે આ વિશ્વ વિલાસનું છે. અને એજ રીતે अहंब्रह्मास्मि એ સિદ્ધાંતને ભૂલીને હું જીવ છું એવો ભ્રમ થાય છે.

अहंब्रह्मास्मिમાં अहम्, ब्रह्म, અને अस्मि એવાં ત્રણ પદ છે. હું છું એવું જ્ઞાન દરેકને થાય છે. તેથી તે સામાન્ય જ્ઞાન છે. હું બ્રહ્મ છું એવું કોઇ કહેતું નથી તેથી દરેકને વિશેષ રૂપનું અજ્ઞાન રહે છે. अहम्=હું છું એવું સામાન્ય જ્ઞાન अयम् પદના સામાન્ય જ્ઞાન બરાબર છે, અને કર્તૃત્વ ભોક્તૃત્વ આદી ब्रह्म પણાના ભાવને આચ્છાદિત કરે છે. તેથી ब्रह्म ભાવનું વિશેષ જ્ઞાન રજ્જુના વિશેષ જ્ઞાન પેઠે કર્તૃત્વાદીને આધિષ્ટાન કરે છે એથી ब्रह्मास्मि ના વિશેષ જ્ઞાનનું અજ્ઞાન થાય છે. એ રીતે अंहम् પદનો તાદાત્મ્ય કલ્પિત ભાવ રૂપ સંબંધ ब्रह्मास्मि પદના અજ્ઞાન સાથે થાય છે. તેથી કર્તા ભોકતા હુંજછું, સુખ દુઃખ વગેરે હુંજ ભોગવું છું, બંધ મોક્ષ વગેરે અનેક વિષયો અને પુરૂપાર્થ મારેજ સંપાદન કરવાનાં છે. એમ માન્યતા થાય છે, આજ અવિદ્યા-ભ્રમથી પોતાના વિશેષ જ્ઞાનના અજ્ઞાને, અને સામાન્ય જ્ઞાનના જ્ઞાને કરીનેજ આ વિશ્વ પ્રપંચ-વિલાસ ભાસમાન થાય છે.

એ પ્રપંચનું દૃઢ અપરોક્ષ નિશ્ચયાત્મક જ્ઞાન થયા વિના પ્રપંચની અત્યંત નિવૃત્તિ થતી નથી.

અંતઃકરણની વૃત્તિઓ ઇંદ્રિયદ્વારા નીકળીને વિષયાકાર અથવા પદાર્થરૂપ પરિણામ પામે છે. અને વિષય અથવા પદાર્થના આવરણ નો ભંગ થાય છે. આવરણ ભંગ કરવું એ વૃત્તિનું કામ છે અને તેમ થતાં વિષય અથવા પદાર્થની પ્રતીતિ થાય છે. ત્યાં ચૈતન્યનો જ્ઞાનરૂપ પ્રકાશ સહાયભૂત હોય છે. કારણકે પ્રકાશ વિના પદાર્થની પ્રતીતિમાં બાધા નીવડે છે. આ રીતે પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. ભ્રાંતિ જ્ઞાનની રીત જરા અટપટી જેવી છે. રજ્જુ અથવા દોરડાંમાં સર્પની ભ્રાંતિ થાય છે. તે વખતે અંતઃકરણની વૃત્તિ નેત્રદ્વારા નીકળીને રજ્જુ સાથે સંબંધ કરે છે પરંતુ તિમિરાદી દોષને લીધે રજ્જુનો આકાર ધરતી નથી. કેમકે તિમિરાદી પ્રતિબંધક દોષ નડે છે તેથી રજ્જુનું આવરણ દૂર થતું નથી. તેથી રજ્જુનું વાસ્તવિક જ્ઞાન પણ થતું નથી. કેમકે રજ્જુ ચેતનગત. અવિદ્યાનો ક્ષોભ સર્પાકાર પરિણામ પામતાં સર્પનું જ્ઞાન થાય છે. પણ તે અવિદ્યા જનીત ભ્રમાત્મક કે ભ્રાંતિ જ્ઞાન છે. રજ્જુનું જ્ઞાન થતાં એ ભ્રાંતિ જ્ઞાનની નિવૃત્તિ થાય છે. માટે તે અસત્ય છે, વંધ્યાપૂત્રની સત્યતા વિષે કોઇને પ્રતીતિ થતી નથી પણ ઉપલા ઉદાહરણમાં સર્પની પ્રતીતિ તો થાય છે. માટે અસત્ય કહ્યું તેમ કહી શકાતું નથી તેથી એ સત્ અસત્થી વિલક્ષણ અનિર્વચનીય છે.

અનિર્વચનીય ખ્યાતિનો વિવેક એવો છે કે ઉપલા દૃષ્ટાંતમાં જણાવેલો સર્પ સત્ અસતથી વિલક્ષણ છે. કારણકે અવિદ્યાના આવરણની બે પ્રકારની શકિતઓ કહેવાય છે. અસત્વાપાદકશકિત અને અભાનાપાદકશક્તિ नास्ति=નથી એવો બોધ કરે છે. તે અસ-

ત્વાપાદકશકિતનું કાર્ય છે. અને ન માતિ=ભાષ થતો નથી એવો બોધ કરનાર અભાનાપાદક શક્તિ છે કુટસ્થ હોવા છતાં એ શકિત ઓને લીધે કુટસ્થ નથી અને તે ભાસતોએ નથી એવું જ્ઞાન ગ્રહણ કરે છે. એ આવરણ દોષને લીધેજ થાય છે.

વિક્ષેપનું સ્વરૂપ માયાનો ક્ષોભ અને રજો ગુણથી વિકારવાળું છે. रजसो लोभएवच । રજો ગુણથીજ લોભાદી ઉત્પન્ન થાય છે વળી आकाशादि प्रपंचोत्पत्ति हेतुः विक्षेपशक्तिः આકાશ વગેરે પ્રપંચોની ઉત્પત્તિનો હેતુ વિક્ષેપ શક્તિ છે રજો ગુણ ક્રિયાનું કારણ છે માટે જગતની ઉત્પત્તિનું કારણ રજો ગુણ છે. માયાને ક્ષુબ્ધ કે વિક્ષિપ્ત કરીને આ રીતે રજો ગુણ જગતની ઉત્પતિ કરે છે. આ વિક્ષેપ અને પૂર્વે કથન કરેલો દોષ આવરણ એ અજ્ઞાનના પ્રધાન હેતુઓ છે. તેજ વિશ્વની પ્રતીતિ, તેમજ જીવ અને ઇશ્વર ભાવની દ્વંદ્વતાનું મુખ્ય કારણ છે. એ કારણની નિવૃત્તિ થતાં શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. કમકે ચૈતન્યમાં એ દોષ સંભવતાજ નથી. તેથી જીવ ઇશ્વર અજ્ઞાનજન્ય છે. શ્રુતિ—जींवेशावाभासेन. करोति વળી माया भासेन जीवेशौ करोतीति श्रुतत्वतः । માયાનો આભાસ એ ભેદ ઉભો કરે છે, કેમકે શુદ્ધ સત્વગુણમાં અસંગ ચૈતન્યનું પ્રતિબિંબ પડવાથી સર્વજ્ઞ ઇશ્વરભાવ પામે છે, અને રજોગુણ તથા તમો ગુણથી અભિભવ પામેલો સત્વગુણ મલીન થાય છે એ મલીનતામાં તેજ વિશુદ્ધ ચૈતન્યનું પ્રતિબિંબ પડે છે, તે જીવભાવ પામે છે. માટે જીવ અને ઇશ્વર ભાવનો ભેદ ત્રણ ગુણવાળી માયામાન્ય છે વાસ્તવિક સ્વરૂપમાં ભેદ નથી.

એ ભાવો વિલાસરૂપ–મિથ્યા શ્રુતિ–व्यावहारिकः प्रपंचो मिथ्यात्र स्यत्वात् शुक्तिरुप्यवत्। છીપમાં રૂપાનો ભ્રમ થાય છે. તેવો વ્યવહારિક પ્રપંચ દૃષ્ટિએ દેખાય છે. તે ભ્રમાત્મક છે. તેથી મિથ્યા છે. વળી मायामात्रमिदंद्वैतं। આ દ્વૈત માયા માત્ર છે. અર્થાત ઇંદ્રજાલની રમત જેવું ભ્રમથી જોવા માત્ર છે. શ્રુતિ–सौम्येकेन पींडेन सर्वं मृन्मयं विज्ञातं स्याद्वाचारंभणं विकारोनामधेयं मृतित्येवसत्यम् । यथा सौम्येकेन लोहमर्णीना सर्वं लोहमयं विज्ञातं स्याद्वाचारंभणं विकारो नामधेयं लोहमित्येव सत्यम् । यथा सौम्यैकेन नख निकृंतनेन सर्वं कार्ष्णायसं स्याद्वाचारंभणं विकारो नाम धेयं । कृष्णायसमित्येव सत्यम् । હે સોમ્ય એક મૃતિકાના પિંડનું જ્ઞાન થતાં મૃતિકામય સર્વે વસ્તુનું જ્ઞાન થાય છે. ઘટ સરાવ વગેરે નામો માત્ર વિકાર ભેદથી પડેલાં છે. તે સઘળાંમાં મૃતિકાજ છે. હે સોમ્ય એક લોખંડના પિંડનું જ્ઞાન થતાં સર્વ લોખંડમય વસ્તુનું જ્ઞાન થતાં સર્વ લોખંડમય વસ્તુનું જ્ઞાન થાય છે. છરી તરવાર આદી નામો માત્ર વિકાર ભેદથી પડેલાં છે. પણ તે સઘળાં લોહ રૂપજ છે, એથી સ્પષ્ટ સમજી શકાય છે કે નામ રૂપાત્મક વિકાર વાળું જગત્ મિથ્યા છે. અને અસ્તિ (સત્) ભાતિ (ચિત્) અને પ્રિય (આનંદ) પરમાત્મા સત્ય છે, અને તે વિજ્ઞાન અથવા સ્વયં જ્યોતિ રૂપે હ્રદય દેશમાં સ્વસંવેદ્ય છે જ भर्ग શબ્દ આજ વિજ્ઞાન રૂપ સ્વયંપ્રકાશ સચ્ચિદાનંદ પરમાત્માનો લક્ષ્ય છે.

આ જ્ઞાન થતાં શોક મોહ વગેરે દ્વંદ્વના સુખ દુઃખાદિ પરિણામોની કડાકૂટ ઓછી થઇ જાય છે. શ્રુતિ–यस्मिन्सर्वाणि भूता न्यात्मैवाभूद्विजानतः तत्र को मोहःकः शोक एकत्वमनुपश्यतः જેમા આત્મા જીવ પોતે અને સર્વ ભૂતો છે એવું એકત્વ જાણ્યા પછી ત્યાં મોહ

અને શોક શા લેખે છે ? અર્થાત ત્યાં એ ટકી શકતાં નથી કેમકે અવિદ્યાની નિવૃત્તિ થાય છે. एकं विभुं सर्वगतं। સર્વ વ્યાપક એક વિભુજ છે. एको देवः એ પરમાત્માદેવ એકજ છે, વળી. एक मेवाद्वितीयम्। પરમાત્મા પૂરણ બ્રહ્મ એકજ છે. અને તે નિર્દ્વંદ્વ અથવા દ્વૈત ભાવથી રહિત છે, એજ પરમાત્મા સ્વયં પ્રકાશ છે. તેથી તે ભર્ગ રૂપે અ-થવા જ્યોતિ રૂપે ઉપાસનીય છે, અન્ય નહીં, કેમકે

असूर्य्या नाम ते लोका अंधेन तमसा दृताः।
तांस्ते प्रेत्याभिगच्छन्ति ये के चात्महनोजनाः

જે પોતાના આત્માનો વિધ્વંસ કરનારા આત્મઘાતી પુરૂષો હોય છે. તેઓ સ્વયં પ્રકાશ રહીત, અજ્ઞાન અંધકારથી ઢંકાયેલા, અને આ વરણો પરિબદ્ધ ઇંદ્રાદિ દેવોને ઉપાસી સ્વર્ગાદિ લોકની કામનાવાળા હોય છે. તેથી તે અજ્ઞાન તરફજ ગતિ કરે છે, સ્વર્ગાદી લોકોની પ્રાપ્તિથી સ્વરૂપનું જ્ઞાન થતું નથી, પૂણ્યનો ક્ષય થતાં પુનઃ નાના પ્રકારની યોનિઓમાંથી પસાર થવું પડે છેજ માટે એવી અજ્ઞાનતાથી ઉપાસના કરનારને આત્મઘાતી કહ્યા છે.

આ ઉપરથી સ્પષ્ટ લક્ષમાં આવે છે કે અધિકારી મુમુક્ષુ પુરૂષો વિજ્ઞાન રૂપ પરબ્રહ્મનુંજ ભર્ગ રૂપે સ્વયંજ્યોતિ રૂપે ઉપાસન કરે છે. देवस्यः—दीव् ધાતું પ્રકાશવું. પ્રકાશનાર પોતાના પ્રકાશથી પ્રકાશનાર स्वयंप्रकाश પરમાત્મા કેમકે सर्व द्योतनात्मकमखंडं चिदेकरसं। પ્રકાશવાળા સર્વે પદાર્થના આત્મારૂપ છે, યા, જેના પ્રકાશ વડે જગત માંહેલા પદાર્થો પ્રકાશ ધર્મવાળા છે, તે ચૈતન્યરૂપ પરિપૂર્ણ એકરસ પરબ્રહ્મ છે.

दीव्याति यत क्रीडाति सगाद्दाति । विजिगीषति असुरान् व्यवहराति सर्व भूतेष्वात्मतया द्योतते स्तूयते स्तुत्यैः सर्वत्र गच्छति तस्माद्देवः

જે પ્રકાશે છે. ઉત્પતિ સ્થિતિ અને પ્રલય રૂપ ક્રિડા કરે છે, અવિદ્યાજન્ય અસુરોનુ જેની આગળ કશું ચાલતું નથી, જે સર્વ ભૂતમાં પોતેજ વ્યવહાર કરે છે. જે પોતાનાજ પ્રકાશ વડે પ્રકાશે છે. જેની સ્તુતિઓ થાય છે જે સર્વત્ર ગતિમાન છે, તેથી તે દેવ છે. આ દેવ તે પરબ્રહ્મ પરમાત્મા છે.

दीव्याति आनंदेन क्रिडतीति જે આનંદમય ક્રિયા કરી રહ્યો છે. એવો દેવ તે એક પરમાત્મા છે. આ સઘળી વ્યુત્પતિઓથી, દેવ શબ્દથી પરમાત્માનુંજ ગ્રહણ થાય છે.

અનેક પ્રકારના પૂણ્યકર્મના સંચયથી મનુષ્યની સદ્ગતિ થાય છે. અને ઇંદ્રાદી દેવોના વૈભવ પ્રાપ્ત થાય છે. પરંતુ એ પૂણ્યથી પ્રાપ્ત થયેલું દેવત્વ સમય પૂરતું છે, કેમકે જ્યાં લગી પૂણ્યનો પ્રભાવ પહોંચે છે ત્યાં લગીજ દેવ વગેરે ઉચ્ચ યોનિયોમાં ગમન રહે છે, તે પૂર્ણ થતાં પાછું અધમ યોનિયોમાં આવાગમન ચાલુ થાય છે. અનેક ઉચ્ચ કર્મ પૂણ્ય. વગેરેનો પ્રભાવ અમુક ફળ આપી નિવૃત થાય છે. અર્થાત ઇંદ્રાદી લોકના ભોગની નિવૃત્તિ થતાં પૂણ્યની નિવૃતિ થાય છે, માટે એ પણ મિથ્યા છે, એ દેવત્વ પ્રાપ્ત થવા છતાં પણ મુકત થવાતું નથી એટલે દેવ શબ્દથી એવા કોઇ સ્વર્ગાદિકે વૈકુંઠાદી માં વસતા લોક કે લોકપાલ દેવ સમજવાના નથી.

વળી સૂર્ય ચંદ્ર વગેરે જગતમાં વ્યવહાર કરી રહેલા દેવો પણ એ દેવ શબ્દથી ગ્રહણ કરવાનાં નથી, કારણકે અખિલ બ્રહ્માંડમાં એવી બલવાન શક્તિઓ કામ કરી રહી છે. અને તે સમગ્ર મળીને વિશ્વનો વ્યવહાર ચાલી રહ્યો છે. એ શક્તિઓને જે નિયમમાં રાખીને એક યંત્રની માફક આખા વિશ્વનો અસ્ખલિત વહેવાર ચલાવી રહ્યો છે. તે સર્વ શક્તિમાન પ્રભુ આગળ તે શક્તીઓ એક દાસ જેવી છે તેથી તે શક્તિઓને પણ આ દેવ શબ્દથી ગ્રહણ કરી શકાતી નથી, પણ એક પરમાત્મા દેવજ ગ્રહણ કરી શકાય છે યાજ્ઞવલ્કય કહે છે.

दीव्यते क्रीडते यस्माद्रोचते द्योतते दिवि ।
तस्माद्देव इति प्रोक्तः स्तूयते सर्व दैवतैः ॥

જેથી પ્રકાશક પદાર્થો પ્રકાશવાળા થાય છે. જેથી સૃષ્ટિ માંહેલાં પદાર્થ પ્રાણી માત્ર સહુ ક્રિયારૂપ અનેક ક્રિડામાં પ્રેરાઇ રહે છે. જેથી પ્રાણી પદાર્થ વગેરે એક બીજાને પ્રાપ્ય પ્રાપક ભાવ વગેરે પ્રીતિના સંબંધથી આનંદ આપે છે. અને જેથી જ્ઞાન દિપ્તિ પામીને સ્વયં પ્રકાશ સ્વરૂપનો ભાસ થાય છે. તેથી તે દેવ કહેવાય છે. અને તેનીજ સર્વ દેવોથી સ્તુતિ કરાય છે. આ દેવ તે શ્રી પરમાત્માજ છે. ગાયત્રીમાંના દેવ શબ્દથી આ પ્રમાણે અર્થ ગ્રહણ કરવાનો છે.

धीमहि=ध्यायामः-चिन्तयामः અમે ધ્યાન કરીએ છીએ.

ध्यानः—अहं ब्रह्मेत्यवस्थानं वा ब्रह्मात्मचिंता ध्यानम् હું બ્રહ્મ સ્વરૂપ છું એવી અવસ્થાની સિદ્ધિ, અથવા આત્મા સ્વરૂપ છે. એવા ચિંતનની સ્થિતિ તે સિદ્ધિને ધ્યાન કહે છે. ધ્યાન યોગશાસ્ત્રનો વિષય છે.

અને એ યોગનું મૂખ્ય અંગ મનાય છે. પાતાંજલ સુત્રમાં नियमासन प्राणायाम प्रत्याहार धारणाध्यान समाधयोऽष्टावंगानि। એ સુત્રથી ધ્યાન નિર્દિષ્ટ કર્યું છે, તેજ પ્રમાણે દક્ષસંહિતામાં પણ.

प्राणायामस्तथा ध्यानं प्रत्याहारस्तु धारणा,
तर्कश्चैव समाधिश्च षडंगो योग उच्यते ॥

આ શ્લોકમાં પણ ધ્યાન એ યોગ શાસ્ત્રનું આવશ્યક અંગ છે. યોગની સિદ્ધિ થયે સ્વરૂપનું જ્ઞાન થાય છે. અને સ્વરૂપનું જ્ઞાન થયે અવિદ્યા-બંધન-આવા ગમન વગેરેનો ક્ષય થાય છે. અને એવું પોતાના સ્વરૂપનું જ્ઞાન થતાં અથવા સ્વયં જ્યોતિ સાક્ષાતકાર થતાં પોતાને માટે ધ્યાનની જરૂર છે. યોગની સીધ્ધિ બ્રહ્મ સ્વરૂપ થાય છે. આમ બ્રહ્મ સ્વરૂપની સિદ્ધિ ધ્યાનથીજ થાય છે. ધ્યાન કરનાર ધાતા કહેવાય છે, જેનું ધ્યાન કરવામાં આવે છે તે ધ્યય કહેવાય છે. ધ્યાતા ધ્યેય સ્વરૂપમાં તદાકાર થતાં ધ્યાન સિદ્ધ થાય છે, કેટલાક સગુણ કે સાકાર વસ્તુ કે મૂર્તિનું ધ્યાન કરે છે, ત્યારે કેટલાક નિર્ગુણ સ્વરૂપનું કેવળ જયોતિ રૂપ લક્ષ્ય લઇ ધ્યાન કરે છે. પરંતુ ગાયત્રી બ્રહ્મસ્વરૂપા છે. અને બ્રહ્મ સ્વયંપ્રકાશ જ્યોતિ સ્વરૂપ છે, તેથી એજ સ્વરૂપ ઉપાસ્ય કે ધ્યેય છે. धियः ધ્યૈ ધાતુ ચિંતન કરવું, બુદ્ધિ, વળી. ધ પ્રજ્ઞાવાચક इ મનવાચક य પ્રાણ વાચક અને सू માનસ સૂર્ય વાચક છે धीः प्रज्ञा नाम सुपठितम् અથવા धीः કર્મનામ સુપઠીતમ્ એવાં પ્રમાણો ઉપલબ્ધ છે. धीः कर्मेति નિરૂક્તમાં અને धियः कर्माणि ગોપથમાં છે વળી श्रुति-प्राणाविधियः આ સઘળા ઉપરથી આ સ્થળે धियः શબ્દથી બુદ્ધિ કર્મો અને પ્રાણોનું ગ્રહણ કરી શકાય છે. નિશ્ચય બુદ્ધિ જન્ય છે. અને ક્રિયા નિશ્ચય જન્ય છે. માટે ક્રિયા બુદ્ધિ સાથે સંબંધવાળી છે. એ બુદ્ધિ પ્રાણની ગતિ સુધીજ શક્તિ વાળી છે.

निश्चयात्मिकान्तःकरणवृतिः નિશ્ચયાત્મક અંતઃકરણની વૃતિનું નામ બુદ્ધિ છે. અનેક સ્થળે એને જ્ઞાન ની જનેતા અને કાર્ય કારણનો ઉહાપોહ કરવા વાળી વિવેચક કથન કરી છે. વળી એજ બુદ્ધિમાં, અંતઃકરણમાં વર્તતા પ્રધાન ગુણ પ્રમાણે ભેદ પડે છે. ભગવાન શ્રી કૃષ્ણ ગીતામાં અર્જુનને કહે છે કે.

प्रवृत्तिश्च निवृत्तिश्च कार्याकार्ये भयाभये
बंधं मोक्षंच या वेत्ति बुद्धिःसा पार्थ सात्विकी

પ્રવૃતિ નિવૃતિ, કાર્યાકાર્ય, ભયાભય અને બંધ મોક્ષને જાણે છે અથવા બરાબર સમજે છે. તે સાત્વિકી બુદ્ધિ છે.

यथा धर्ममधर्मश्च कार्यश्चाकार्यमेवच
अयथावत् प्रजानाति बुद्धिः सा पार्थ राजसी

ધર્માધર્મને અને તેજ પ્રમાણે કાર્યાકાર્યને જે બરાબર જાણતી નથી તે રાજસી બુદ્ધિ છે.

अधर्मं धर्म मिति या मन्यते तमसावृता
सर्वार्थान् विपरीताश्च बुद्धि सा पार्थ तामसी

અધર્મને ધર્મ પ્રમાણે સઘળા અર્થોને વિપરીત જાણે છે. એવા અજ્ઞાનથી ઢંકાયેલી બુદ્ધિ તામસી કહેવાય છે. શાંતિ પર્વમાં કહ્યું છે કેઃ—

इष्टानिष्ट विपातिश्च व्यवसायः समाधिता ।
संशयः प्रतिपत्तिश्च बुद्धेः पंचगुणा विदुः

વિપત્તિ નાશનું નામ છે. ઇષ્ટ અને અનિષ્ટનો નાશ થતાં કેવલ જ્ઞાન રૂપ જ્યોતિ કે ચૈતન્યમય વૃત્તિ વિશેષ થાય છે. તે, એક, ઇશ્વરનું આરાધન કરવાનાં કર્મ આચરતી વખતે પરમેશ્વરની ભક્તિ વડેજ હું સંસાર બંધન વગેરે ઉપાધિથી મુક્ત થઇશ, એવી નિશ્ચિયાત્મક એકનિષ્ટાવાન બુદ્ધિ વૃતિ થાય છે. તેનું નામ વ્યવસાય એ બીજી જ્યાં સાધારણ ધર્મના ભાવનું અને અભાવનું બેગું જ્ઞાન બુદ્ધિને એકજ કાળે થાય છે ત્યારે જે બુદ્ધિ વૃત્તિ થાય છે તેને સંશય કહે છે. તે ત્રીજી, લક્ષ્યમાં તદાકાર થઇ રહે છે તે સમાધિકા ચોથી, અને પ્રત્યક્ષાદી પ્રમાણની સંપ્રાપ્તિ થતાં જે બુદ્ધિ વૃત્તિ થાય થાય છે તે પાંચમી પ્રતિપત્તિ વૃત્તિ કહેવાય છે. વળી

शुश्रूषा श्रवण श्चैव ग्रहणं धारणं तथा
उहापोहो ऽर्थविज्ञानं तत्वज्ञानश्च धीगुणाः

સેવન શ્રવણ ગ્રહણ, ધારણ વિવેચન, વિજ્ઞાન, અને તત્વજ્ઞાન એ બુદ્ધિના ગુણો છે.

ઉપર આપેલાં ટીપણથી ધ્યાનમાં ઉતરે છે કે સ્વરૂપાકાર પામી બ્રહ્મ અને આત્માની એકતાનું જ્ઞાન થવું અર્થાત બુદ્ધિનું તે રૂપ થઇ જવું એ એકજ છે. અને તેજ બિજ શબ્દથી સ્વરૂપ પ્રાપ્તિનું આવશ્યક અંગ બુદ્ધિ શબ્દની યોજના છે.

યઃ=यत् મૂલ શબ્દ છે, यत् સાથે तत સંબંધ ધરાવે છે, એ દરેક જુદા જુદા બે સંબંધક વાક્ય કે શબ્દ સાથે આવે છે. એ બંનેજ આવવા જોઇએ એવો નિયમ નથી, કેમકે બે વાક્ય કે શબ્દના સંબંધમાંજ એનો ઉપયોગ છે તેથી એક આવ્યું હોય તો બીજું

અધ્યહાર હોય તોપણ તેનો બોધ થઇ શકે છે. આ यत् અને तत् એકજ નામનો બોધ કરે છે. तत्‌થી भर्ग ગ્રાહ્ય થાય છે. માટે यत्‌થી ભર્ગજ ગ્રાહ્ય થાય છે. તેથી यः સર્વનામ ભર્ગને માટે વપરાયેલું છે.

नः=अस्माकम् અમારી (બહુ વચન) છે. માટે એમાં વેદના અધિકારવાળા અથવા ગાયત્રીના અધિકારવાળા સર્વદ્વીજોનો સમાવેશ થાય છે અને તેથી नः શબ્દથી બ્રાહ્મણ ક્ષત્રી અને વૈશ્ય એ ત્રણે વર્ણોનો બોધ થાય છે.

प्रचोदयात्—प्र+चुद् ધાતુ પ્રેરણા કરવી. प्रकर्षेण प्रेरयति वा आत्माज्ञान मुपदिशति પ્રકર્ષ=ઉત્કર્ષ; ઉન્નતિ–મનુષ્ય જન્મની પુરેપુરી ઉન્નતિ સ્વસ્વરૂપને ઓળખવામાંજ રહેલી છે. ધન પૂત્ર દારા કીર્તિ અને વૈભવ–વિલાસ વગેરેની પ્રાપ્તિ કરવી અને ઉન્નત થવું અને એ સઘળાં સાધનોથી પોતાને ધન્ય માનવું. એ ઐહિક અને દુઃખદાયી છે કેમકે એ સઘળાં ભાવના સાધનો નાશવંત છે. તેથી તેનો નાશ થયે દુખની પ્રાપ્તિ થયાં વિના રહેતી નથી. માટે ઐહિક વિષયથી ઉત્પન્ન થતો આનંદ ક્ષણિક અને નાશવંત છે. એ ક્ષણિક આનંદને માટે પણ કેટલો પરિશ્રમ કરવો પડે છે. અને કેટલો ભોગ આપવો પડે છે. વળી ઐહિક વિષયક આનંદની એવી ક્ષુદ્રતા હોવા છતાં એમાં લુબ્ધ થતાં દિવસાનુંદિવસ અધિક દુખ પરંપરા વધારતો રહે છે. અને વાસનાની ગ્રંથીને વધારે મજબૂત કરતો જઈ વધારે બદ્ધ કરે છે. માટે એ ગણાવેલા વિષયથી ખરો પ્રકર્ષ થતો નથી. પણ પોતાના સ્વરૂપના ઓળખાણથી અથવા આત્માનુભવથીજ ખરો પ્રકર્ષ સાધી શકાય છે, અને તેથીજ જગત્ માહેલા સર્વ સંબંધીઓ અને વિષયો તેમજ પદાર્થો અને વિલાસોની ક્ષુદ્ર આનંદ આપનારી લાલસાથી મુક્ત થવાય છે. આત્માનુભવદ્વારા

સ્વસ્વરૂપમાં નિમગ્ન થતાં એક સરખો આનંદ સ્વરૂપનું ભાન થતુંજ નથી. સુખદુખાદિ દ્વંદ્વોના ગુંછળા બંધન કરી શકતાં નથી કે દુખ દઇ શકતાં નથી. આવો સ્વતંત્ર આનંદ થવો એજ જીવનનો સાચો પ્રકર્ષ છે. અને એજ આત્મજ્ઞાન પ્રાપ્તિનું લક્ષણ છે. એ સાચા પ્રકર્ષ તરફ પ્રેરણા થવી એ મુક્તિના માર્ગની ભાગળ ખુલી ગયા જેવું છે. માટેજ સ્વરૂપ પ્રાપ્તિ થવાને સારૂ પ્રેરણા અને બુદ્ધિ એકજ થઈ જાય છે ચોદના–પ્રેરણાવિધિ, ઉપદેશ, કહ્યું છે કે–

चोदना चोपदेशश्च विधिश्चैकार्थवाचिनीती । એટલે પ્રેરણા પરાયણ કર્તવ્યમાં મંડેલી વૃત્તિ, એવો એનો અર્થ થાય છે. વળી યજુર્વેદમાં चोदयित्री सूनृतानाम् અને ઋગવેદમાં तनश्चोदतश्रिये પ્રયોગ થયેલા જોવામાં આવે છે. એ સઘળે સ્થળે "પ્રેરણાજ" અર્થ થાય છે. એ પ્રેરણાનું સ્વરૂપ સમજવું કાંઇક અર્થ સૂચક છે.

પ્રથમ પ્રેરણા થાય છે, તેના ઉપર બુદ્ધિની કારીગરી થઇ તે નક્કી થાય છે. તેનું પુનરાવર્તન થાય છે, અને પછી તે પ્રમાણે કામ થાય છે, કામનો સંસ્કાર પડે છે સંસ્કારનો સમુચ્ચય વાસનાનું રૂપ ધરે છે, આ વાંસના બુદ્ધિને પોતાની સેહમાં રાખી વિચારદ્વારા કાર્યમાં ગોજે છે, પ્રેરણા માત્ર સુખ મૂલક છે, કેમકે પ્રેરણાતો નિત્ય સુખ કે આનંદ સ્વરૂપ આત્માના સમીપવર્તી હૃદયમાં થતું સ્ફૂરણ માત્ર છે, તેમાં દુખનો અંશ છેજ નહીં પણ એ પ્રેરણાને વાંસનાનો રંગ લાગે છે. તે રંગ જોઇ બુદ્ધિ નિશ્ચય કરીને વિચારને સ્વાધીન કરે છે, અને તે પછી વિચાર કાર્ય રૂપે પરિણામ પામે છે. અને તેના અનુકૂલ પરિણામથી સુખનો, અને પ્રતિકૂલ પરિણામથી દુખનો અનુભવ વાસના બદ્ધ હૃદય કરે છે. આ રીતે સુખ દુખની કાર્ય પરંપરા સંસ્કાર રૂપે વાંસના સાથે ઉમેરાતી રહે છે, અને તે પ્રમાણે

વાસનાનું રાજ્ય સકળ માનસિક શક્તિઓ ઉપર જામી જાય છે, તેથી મનબુદ્ધિ વગેરે વાંસનાને સંતોષવા અનુકૂળ રહે , માટે એ વાસનાને સંતોષવા અનુકૂળ રહે છે. માટે એ વાંસનામાં અશુદ્ધતા વિશેષ હોયતો તેજ પ્રમાણમાં અશુદ્ધ કે પાપ કર્મ આચરાય છે. અને શુદ્ધતા વિશેષ હોયતો શુદ્ધ કે પૂણ્યકર્મ વિશેષ આચરાય છે. વાસના કેવલ વિશુદ્ધ હોય તો કેવલ શુદ્ધ કર્મ થાય છે, આ વાસનાંનો અંશમાત્ર ન હોયતોજ સુખ સ્વરૂપ પ્રેરણાને અનુરૂપ બુદ્ધિ વગેરે થઇ જતાં સુખ દુખ પરિણામથી રહીત સ્વરૂપરૂપે સ્થિત થવાય છે. અને તેથીજ સ્વરૂપની પ્રાપ્તિ માટે પ્રેરણા કે બુદ્ધિને આત્મામાં હોમીને સ્વયંસંવેદ્ય સ્થિતિમાં બ્રહ્માનુભવનું प्रचोदयात् શબ્દથી સૂચન છે.

ગાયત્રીના દરેક શબ્દ ઉપરનું વિવેચન સમજ્યા પછી નીચે પ્રમાણે ટુંકો અર્થ, એ મંત્રોનો જાપ કરતી વખતે સ્મરણમાં રાખવો જોઇએ.

(ॐ) બ્રહ્મદેવ (भूर्भुवः) અખિલ બ્રહ્માંડ (અથવા સર્વ વેદોના પર્વત) (છે) (तत्) તે (सवितुः) ઉત્પાદક અને પાલક (देवस्य) દેવનું (भर्गः) સ્વયં પ્રકાશ જ્યોતિ સ્વરૂપને (धीमहि) ચિદ્રૂપે અનુભવીએ છીએ. (यः) એ (नः) અમારી (धियः) બુદ્ધિને જ્ઞાનસાધનને (प्रचोदयात्) (સ્વરૂપમાં) પ્રેરે છે.

સમગ્ર વેદ મંત્રના પ્રર્વતક અને અખિલ બ્રહ્માંડના વ્યાપક બ્રહ્મદેવ છે. તે ઉત્પતિ સ્થિતિ અને લયકર્તા દેવાધિદેવના સ્વયં પ્રકાશ જ્યોતિરૂપને અમે ધ્યાનમાં અભેદ અનુભવીએ છીએ.

आपोज्योतिरसोऽमृतं ब्रह्म भूर्भुवः स्वरोम्। આ ગાયત્રીનું શિર કહેવાય છે. તેથી એનો પણ કેટલાક જાપ કરનારાઓ ઉપયોગ કરે

એવો વિધિ છે. તેથી એ ભાગ ઉપર પણ કેટલુંક આવશ્યક ટુંક વિવેચન કરવાની જરૂર છે.

आपः आप धातु વ્યાપવું सर्वत्र आप्नोतीति आपः એટલે સર્વત્ર વ્યાપક છે તે અખિલ બ્રહ્માંડ એક પરમાત્મા દેવ સર્વવ્યાપક છે, एतरेय બ્રાહ્મણમાં आपस्तेज एवास्मि વ્યાપક અને ભાસક હું છું વળી आपो वै वीर्यं। વ્યાપકત્વજ વીર્ય અથવા ઉત્પાદકત્વ છે.

આખા બ્રહ્માંડમાં ઉત્પતિ સ્થિતિ અને પ્રલય રૂપ ક્રિયા ચાલુ જ રહેલી છે. અને તે પરમાત્માની વ્યાપક સત્તાને લીધેજ છે. ભગવાન શંકરાચાર્ય પણ કહે છે કે आपइत्याप्नोति व्युसत्या व्यापकत्व मुच्यते । માટે आप શબ્દથી ઇશ્વરનું વ્યાપકત્વ અર્થ લેવો, તે અનુકૂળ છે.

ज्योतिः—धूत धातु ભાસવું પ્રકાશવું ज्योतते स्वयंदीप्त्या, એટલે જે પોતાનાજ પ્રકાશથી પ્રકાશવંત અથવા સ્વયં પ્રકાશ છે તે વળી ભગવાન શંકરાચાર્ય પણ ज्योतिरिति प्रकाशरुपत्वम् ભાષ્ય વચનથી જ્યોતિનો અર્થ પ્રકાશત્વ ગ્રહણ કરવાની આજ્ઞા કરે છે. જ્યોતિનો પર્યાય તેજ થાય છે. एतरेव ब्राह्मणमां तेजोवैब्रह्म। ज्योतिर्वैब्रह्म તેજ અથવા જ્યોતિરૂપ બ્રહ્મ છે. અને તે હૃદયના ઉંડામાં ઉંડા ભાગથી આખા બ્રહ્માંડમાં પ્રકાશિ રહ્યો છે, હૃદયમાં જ્ઞાનદીપ્તિરૂપે અને જગતમાં વિવિધરૂપે પ્રત્યક્ષ પ્રકાશે છે. આમ જ્યોતિસ્વરૂપ વ્યષ્ટિ અને સમષ્ટિમાં ઇંદ્રિયગોચર અને ઇંદ્રિયાતિત હોવા છતાં ભાસમાન છે બ્રહ્મારણ્યક ઉપનિષદ્‌ના છઠ્ઠા અધ્યાયના બીજા બ્રાહ્મણમાં જનક અને યાજ્ઞવલ્કયના સંવાદમાં જ્યોતિ સ્વરૂપ ઉપર લંબાણ વ્યાખાન જોવામાં આવે છે. તેમાં સૂર્યને પ્રથમ જ્યોતિ સ્વરૂપે દેખાડીને સ્વપ્રકાશક ઘણા નામોના દષ્ટાંત આપ્યા છે, એક એકને અભાવે

અનુક્રમે સૂર્ય, ચંદ્ર, અગ્નિ વાક્ પ્રાણ મન દર્શાવતા છેવટે આત્મા, જ્યોતિ સ્વરૂપ છે. અને એજ પ્રકાશ બાહ્ય જગતમાં અને આંતર જગતમાં નાના પ્રકારનું દર્શન કરાવે છે. અથવા अयम् पुरुषःस्वयं ज्योति र्भवति। આ પુરૂષ પોતેજ જ્યોતિ છે અથવા હૃદય જ્યોતિ તેજ બ્રાહ્ય જ્યોતિ છે.

रसःरस ધાતુ આનંદ એ ઉપરથી मदैवं सकल विश्वं रसतांति. સદૈવ અખિલ વિશ્વને આનંદ આપે છે. તે રસ રૂપ નિજાનંદ બ્રહ્મ છે. વળી रसो वै ब्रह्म वर्चसम्। એટલે રસકે આનંદ એજ પર બ્રહ્મનું તેજોમય કે પ્રતીતિ કરાવનારૂં સ્વરૂપ છે. શંકરાચાર્ય મહારાજ પણ रसमिति सर्वातिशयत्वसम् કહે છે. એટલે ઇશ્વરનાં સર્વ કાળમાં સર્વત્ર એકસરખાપણા અથવા એકરસપણાનો મહાન ગુણ સૂચવાય છે, એ નિજાનંદ અથવા રસરૂપ ઇશ્વર સચરાચર રૂપે દૃશ્યાદૃશ્ય જગતમાં સકળ પ્રાણી પદાર્થને અરસપરસ દીવ્ય અને અદૃશ્ય, પણ ગાઢ સંબંધથી જોડે છે. અને તે મહાપ્રભુની કીર્તિ ગજવતું વિશ્વ, જલધારા ન્યાયે અનેક રૂપે, રંગે, સમૃદ્ધિએ અને વૈચિત્ર્યે સદા વિલસતું રહીં, ધ્યાન મસ્ત માનવીને ક્ષણેક પોતાની ક્ષુદ્રતાનું ભાન કરાવીને વિશ્વના મહિમાવંત માલિકના ભાનમાં ચિતને આનંદ અનુભવાવે છે.

व्यतिषजति पदार्थानान्तरःकोऽ पिहेतुः

પદાર્થોને અથવા ભૂત માત્રને કોઇ પણ આંતરિક કારણ અરસપરસ જોડે છે. અને એ કારણ અવ્યક્ત આનંદ સ્વરૂપ છે. અને તેથીજ અનેક જાતના આનંદના મૂળમાંથી ઉત્પન્ન થતી ક્રિયાઓનો આવિર્ભાવ છે. જગત માહેલા, પદાર્થ કે પ્રાણી જન્ય આનંદ સ્વસ્વરૂપ આનંદ મહોદધિ આગળ ક્ષુલ્લક ભાસે છે. એ આનંદ મહોદધિ પરમાત્માદેવ રસ રૂપ છે.

अमृतं—अ+मृ ધાતુ નહીં મરવું नास्ति मृतं मरणं यस्य જેનું મરણ નથી તે પરબ્રહ્મ, કેમકે જગતમાંના નામ રૂપ ધારી દરેક ચરાચર પ્રાણી પદાર્થો નાશવંત છે. જન્મે અને મરે છે. અનેક અવતાર રૂપ આવા ગમન કરે છે. પરંતુ પરબ્રહ્મ અચ્યુત અને અજન્મા છે તેથી તે અમૃત કે અ અમર છે. એના શિવાય વિશ્વમાં બીજુ કોઇ અમર છેજ નહીં.

બૃહદારણ્યક ઉપનિષદ્‌ના ચોથા બ્રાહ્મણમાં આ વિષય લંબાણુથી વર્ણવેલો છે, તેમાંથી થોડી પંક્તિ આ નીચે આપી છે.

ईदम् सत्यम् सर्वेषाम् भूतानाम् मध्वस्य सत्यस्य सर्वाणि भूतानि मधु यश्चाय मस्मिन्सत्ये तेजो मयोऽ मृतमयः पुरूषो यश्चाऽमध्यात्मम् सत्यतेजोमयोऽ मृतमयः पुरूषोऽ यमेव सयोऽपमात्मेदममृतमिदम् ब्रह्मेदम् सर्वम् ।

એથી સ્પષ્ટ ધ્યાનમાં ઉતરી શકે છે કે એ આત્મા અમૃત છે અને આ સર્વ અમૃતમય બ્રહ્મ સ્વરૂપ છે. વળી अद्दष्टो दृष्टाऽश्रुः श्रोत्रः ऽमतो मन्ताऽ विज्ञातो विज्ञाता नान्योऽ तोऽस्ति द्रष्टा नान्योऽ तोऽस्ति श्रोता नान्योऽ तोऽस्त विज्ञातेष त आत्मान्तर्याम्यृतः

બૃહદારણ્યક ૬ ઠ્ઠો બ્રાહ્મણ

અંતરયામિ અમૃત રૂપ આત્મા શિવાય ઇંદ્રીય ગ્રાહ્ય કે મનોગ્રાહ્ય જ્ઞાન વિજ્ઞાનનો જ્ઞાતા અન્ય કોઇ નથી, ઉપરના સઘળાં પ્રમાણોથી આત્મા અમૃત રૂપ સચ્ચિદાનંદ સ્વયં પ્રકાશ પરિપુર્ણ બ્રહ્મ છે, શિશ સહિત ગાયત્રીની ઉપાસના કરનારાઓએ "અખિલ વિશ્વમાં સર્વત્ર વ્યાપક, આનંદરૂપ. સ્વયં પ્રકાશ, અમૃતરૂપ પરબ્રહ્મ ૐકાર છે, એટલો અર્થમાં વધારો લેવો, આમ ગાયત્રી મંત્રનો આરંભ ૐ કારથી શરૂ થઇ ૐ કારમાં વિરમે છે.

સ્વરૂપાકાર થવાને માટે અથવા સંસાર ચક્રમાં આવી મળતાં અનેક પ્રકારના સુખ દુખાદિ દ્વંદ્વોથી મુક્ત થવા સારૂં અથવા મનસ્તાપથી શાંતિ મેળવવા સારૂ અનેક જાતના સાધનો અને પ્રયોગો પ્રચલિત છે, ગાયત્રી મંત્રની ઉપાસના પણ તેવું એક પ્રબળ સાધન છે. વેદમંત્રોની પ્રવૃત્તિ જે દેવને પ્રતિપાદન કરે છે અને વિશ્વના સ્વરૂપને સમજાવે છે તેનો મર્મ આ મંત્રમાં સમાયલો છે તેથી એ મંત્રનો મર્મ કે રહસ્ય ઉપર ઇચ્છાનો વેગ પ્રબળ થાય, વિશ્વના પ્રાણી પદાર્થોનું યથાર્થ સ્વરૂપ નશ્વર છે, અને વિશ્વતો ચાલુજ રહેલું દૃષ્ટિગોચર થયાં કરે છે, તેનું કારણ સમજાય તો આ વિશ્વ માત્ર એક પરબ્રહ્મનો વિલાસ માત્ર છે, અને તે કોઇને કશા સુખ કે દુખનું કારણ આવતુંજ નથી, અને આપણી અવિદ્યા કે અજ્ઞાન અથવા ભ્રમજ આપણને અનેક પ્રકારની યાતનાઓમા યોજે છે. એ સત્ય સમજાય છે. અહંતાનો નાશ થાય છે, મમત્વ નષ્ટ થાય છે, તેમ નાના મોટા જડ કે ચૈતન્ય પ્રાણી પદાર્થથી ભરેલા સમગ્ર વિશ્વમાનો એક અંશભૂત આ મારો દેહ છે. તે પરબ્રહ્મની વ્યાપકતાથી ભિન્ન નથી. ધડીયાળની કમાનની ગતિની વ્યાપકતા, આખા ધડિયાળના નાના મોટા તમામ ચક્રોને ગતિમાં લાવે છે. અને તે ચક્રો ગતિમાં નહીં હોવા છતાં ગતિવંત દેખાય છે. તે કમાનની ગતિની વ્યાપકતાજ છે. એ પ્રમાણે વરાળ યંત્ર માત્ર વરાળના બળથીજ આખુ યંત્ર ગતિવંત છે. આજ પ્રકારે વિશ્વ બ્રહ્માંડ રૂપ યંત્રની સગળી ગતિ કે શક્તિનું કારણ પુરણ બ્રહ્મ છે. સર્વ શક્તિમાન ચૈતન્ય આત્માતત્વ રૂપ મહાસાગરમાં સર્વ પ્રાણી પદાર્થો લહરિ કે વીચી વા બુદ્‌ બુદ્‌ વત્ ઉદ્ભવી, તેમાંજ ભ્રમણ કરી, તેમાંજ લય થઇ જાય છે. અને જેમ સૂર્યના કિરણ સામે લાલ કે લીલો અથવા ગમે તે રંગનો કાચ

ધરીએ છતાં કિરણુ છેદાતું નથી અને તે અભેદ્ય ગતિવંત રહે છે! તેમ એ આત્મા કે બ્રહ્મતત્વ દેહાદિક સૃષ્ટ પદાર્થોથી અભેદ સચરાચર વ્યાપક છે. તે પરિમિત થઇ શકતું નથી. અને તેથીજ આત્મા અખંડ પૂરણુ પુરૂષોત્તમ બ્રહ્મ છે. આ જ્ઞાન પ્રતીત થઇ अहं ब्रह्मास्मि સ્વરૂપની સિદ્ધિ થાય છે.

એ જ્ઞાનના ઉત્પત્તિ કાલે એવી સ્પષ્ટ સમજ ઉત્પન્ન થાય છે કે જીવનું સ્વરૂપ ઉપાધિ જન્ય અને ભ્રમ મૂલક છે. સૂર્યના કિરની સામે કાચ ધરવાથી તેનું પ્રતિબિંબ પડે છે. એ પ્રતિબિંબ કાચના રંગ અને આકારવાળું હોય છે. તે રંગ અને આકાર કિરણુમાં નથી પણ કાચમાં છે વળી તે કાચમાંથી નીકળીને પ્રતિબિંબમાં ગયા પણ નથી કેમકે પ્રતિબિંબવાળા કાચના રંગ આકારમાં ફેર પડતો નથી. તેથી પ્રતિબિંબ તે કાચ પણ નથી તેમ કિરણુ પણ નથી, પણ કિરણુ અને કાચની સંનિધિથી ઉત્પન્ન થતી સંજ્ઞા માત્ર છે. તેમ અંતઃકરણુ ઉપર વ્યાપક આત્માની સંનિધિથી ઉત્પન્ન થતી સંજ્ઞા માત્ર જીવ છે.

એ જીવોપાધિરૂપ થઇને અંતઃકરણ પોતાને કર્તા ભોક્તા વગેરે માની સુખ દુખનો અનુભવ કરે છે. અને બંધ મોક્ષ કે નાના જન્મરૂપ આવાગમનનું કારણુ થાય છે. આમ અંતઃકરણુનુ જીવોપાધિરૂપ થવું એ ભ્રમ મૂલક છે. એજ અવિદ્યા કે અજ્ઞાનનું સ્વરૂપ છે. એનો પરિહાર થયા સિવાય સ્વરૂપ પ્રાપ્તિ કે દુખની નિવૃતિ થતી નથી. અને જીવની વિશિષ્ટતાનો ભંગ થતો નથી. તેથી સંસારને દુખના ભંડાર માની પ્રતિકુલતાએ દુખાનુભવ કરી કલેશ કરે છે. અને અનુકુલતાએ સુખાનુભવ થતાં એજ સંસારમાં વિશેષ બદ્ધ થતો રહે છે. આમ આથડિયાં મારતાં મારતાં જીવને

વ્યતિત કરે છે. અને સુખ સુખ પોકારતો મૃત્યુને શરણ થાય છે.

એ સઘળાની નિવૃતિ સ્વરૂપની સિદ્ધિથી થાય છે એટલા માટે કર્મ ઉપાસના, યોગ વગેરેની અનેક શાસ્ત્રોમાં પ્રવૃતિ છે. તેમના પઠન પાઠન અને નિદિધ્યાસનથી તેમાં કહેલા પ્રકારે ઉપાસના કરવાથી સત્યજ્ઞાનરૂપ જ્યોતિ ઉત્પન્ન થઇ દુખોને હણી નાંખે છે. અને જેના તેના વાસ્તવિક રૂપો સમજાવી સ્વસ્વરૂપમાં સ્થિત કરે છે. આ સ્થિતિ સહજસાધ્ય નથી, અભ્યાસથી અંતઃકરણ અથવા ચિત્તનો રોધ કરી શકાય છે. વળી વૈરાગ પણ તેવુંજ સાધન છે. પાતંજલિ ભગવાન્ अभ्यास वैराग्याभ्यांतन्निरोधः સૂત્રથી એ વાત સમજાવે છે. માટે ચિતવૃતિ ઉપરજ અંકુશ રહેવાનો અભ્યાસ પડવા સારૂં अहरह स्नात्वा संध्या मुपासीत અર્થાત પ્રતિ દિવસ સ્નાન કરીને સંધ્યાનું ઉંપાસન કરવું એ કર્તવ્ય ઠરેલું છે. સંધ્યામાં પ્રાણાયામ મૂખ્ય છે. અને એ પ્રાણાયામમાં ૐકાર કે ગાયત્રીની ઉપાસના છે. તેમાં ૐકાર પરબ્રહ્મ લક્ષ્ય છે. એ લક્ષ્યનો સાક્ષાત્કાર ગાયત્રીનું રહસ્ય છે. એ રહસ્યની સંપ્રાપ્તિને માટે એ મહામંત્રના આવર્તન કે જાપનો વિધિ છે. અને બ્રહ્માકાર સ્વયં સ્વરૂપ જ્યોતિમાં અભેદ સ્થિત થવું એ રહસ્યની સંસિદ્ધિ છે. આ કાળે બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા પ્રત્યક્ષ થાય છે. અને તેથી મિથ્યા જગત્ નો દષ્ટા થઇ પ્રાપંચિક સુખ દુખથી મુક્ત થાય છે. અને સચ્ચિદાનંદરૂપે મગ્ન રહે છે. तथास्तु

ॐ सहनाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै ।
तेजास्विना वधीतमस्तु मा विद्विषावहै ॥

ॐ शांतिः शांतिः शांतिः ॥

ગુર્જર સાક્ષરોનાં વ્યાખ્યાનો.

“ શંકર જયંતિ વ્યાખ્યાનમાળા ”

સુરત શંકર સમાજે ઉજવેલા છઠ્ઠા વાર્ષિક ઉત્સવમાં રા. બા. કમળાશંકર પ્રાણશંકર, રા. રા. હીરાલાલ વ્રજભૂખણદાસ એમ. એ., વડોદરાવાળા વે. શા. સ. છોટુમહારાજ ડભોઇવાળા વે. શા. સ. હીમ્મતલાલ પ્રભુજીવનદાસ શુકલ, શ્રીયુત ગણપતરામ અનુપરામ ત્રવીડી, રા. રા. અતિસુખશંકર કમળાશંકર, રા. રા. મોહનલાલ પાર્વતીશંકર દવે, રા. રા. સદ્ધર્મભાસ્કર ચંદ્રશંકર ભીમાનંદ, રા. રા. મણિરાય અજીતરાય વિગેરે અનેક વિદ્વાનોના “ શંકર સિદ્ધાંત” “ માયાવાદ ” “ ષડ્દર્શન ” “ અદ્વૈતસિદ્ધિ ” “ ગુરૂપરંપરા ” “ શંકરનો અદ્વૈતસિદ્ધાંત ” વિગેરે અનેક વિષયો ઉપર વ્યાખ્યાનો થયા હતાં તે દરેક વ્યાખ્યાનો ક્રમ કરી જીજ્ઞાસુઓને માટે છપાવી પ્રસિદ્ધ કર્યા છે. અને તે બ્રાહ્મણોએ અવશ્ય મનન કરવા જેવાં છે. ૧૮૦ પૃષ્ઠના પુસ્તકની કિમ્મત માત્ર આઠ આના; ટપાલ ખર્ચ એક આનો. નિચેને સ્થળે મળશે.

ચંદ્રશંકર ભીમાનંદ શુકલ	**અંબુશંકર હરિકૃષ્ણ શાસ્ત્રી.**
આમલીરાન—સુરત.	**હરિપુરા—સુરત.**